" રવિવારની સાપ્તાહિક પૂર્તિ "
રસધાર

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year -09 | Issue-336 | AD - 2026, Bhadarva Sud-02 | Sunday, Dt. 13-09-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### પીએમ મોદીએ બ્રિક્સ સમિટમાં ૧૦ પ્રસ્તાવ રજૂ કર્યા, યુએન સુરક્ષા પરિષદમાં સુધારાની પણ હાકલ કરી

# બ્રિક્સ સંયુક્ત ઘોષણાપત્રમાં પહેલગામ હુમલાની નિંદા

નવીદિલ્હી,તા.૧૨

નવી દિલ્હીમાં આયોજિત બ્રિક્સ સમિટ-૨૦૨૬ દરમિયાન વિશ્વ નેતાઓને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે ભારત માટે માનવતા પ્રથમ છે અને પરસ્પર સહયોગ અમારી પ્રાથમિકતા છે. તેમણે બ્રિક્સને વધુ મજબૂત બનાવવા તેમજ વૈશ્વિક શાસન વ્યવસ્થામાં સુધારા માટે અનેક મહત્વપૂર્ણ પ્રસ્તાવો રજૂ કર્યા હતા. પીએમ મોદીએ જણાવ્યું કે આ વર્ષનું બ્રિક્સ સમિટ ઐતિહાસિક છે, કારણ કે બ્રિક્સ તેની ૨૦મી વર્ષગાંઠ ઉજવી રહ્યું છે. છેલ્લા બે દાયકામાં બ્રિક્સે વૈશ્વિક મંચ પર આગવી ઓળખ ઊભી કરી છે અને સભ્ય દેશો પરસ્પરના દૃષ્ટિકોણનું સન્માન કરી સર્વસંમતિથી આગળ વધ્યા છે. પીએમ મોદીએ કહ્યું કે હવે બ્રિક્સની એકતા અને સર્વસંમતિને વૈશ્વિક સ્તરે નક્કર પરિણામોમાં રૂપાંતરિત કરવાનો સમય આવી ગયો છે. આગામી ૨૦ વર્ષ માટે નવા અને વ્યાપક એજન્ડા પર કામ કરવાની જરૂર છે. તેમણે બ્રિક્સમાં સાતત્ય અને અસરકારક અમલીકરણ માટે 'ટ્રોઈકા' વ્યવસ્થા ઊભી કરવાનો પ્રસ્તાવ મૂક્યો. આ ઉપરાંત દરેક નિર્ણય માટે નોડલ પોઈન્ટ, સમયમર્યાદા અને અમલીકરણની સ્થિતિ નોંધવા માટે સુરક્ષિત ડિજિટલ ભંડાર બનાવવાની પણ વાત કરી. વૈશ્વિક શાસન વ્યવસ્થા અંગે પીએમ મોદીએ કહ્યું કે વર્તમાન માળખું પિરામિડ જેવું છે, જેમાં સત્તા અને નિર્ણય



લેવાની પ્રક્રિયા ટોચ પર કેન્દ્રિત છે. ગ્લોબલ સાઉથના દેશો વૈશ્વિક પડકારોના ઉકેલમાં મહત્વની ભૂમિકા ભજવે છે, પીએમ મોદીએ વૈશ્વિક શાસન સુધારા માટે ૧૦ દરખાસ્તો વિકસાવવાનો પ્રસ્તાવ મૂક્યો. તેમાં બ્રિક્સ સુધારાને વધુ મુલતવી ન રાખવા, નિશ્ચિત સમયમર્યાદા સાથે વાટાઘાટો કરવા, વૈશ્વિક અર્થતંત્રમાં યોગદાન આપતા દેશોને નિર્ણય પ્રક્રિયામાં યોગ્ય સ્થાન આપવા, સામૂહિક પ્રતિભાવ અને અસરકારક અમલીકરણ પર ભાર મૂકવા, વૈશ્વિક સંસ્થાઓમાં માનવતાનો વિશ્વાસ જાળવવા તથા સીફેરર ઈમરજન્સી સપોર્ટ નેટવર્ક ઊભું કરવાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ગ્લોબલ સાઉથની સમાન ભાગીદારી અને સાયબર સ્પેસ માટે વૈશ્વિક નિયમો ઘડવાની જરૂરિયાત પર પણ તેમણે ભાર મૂક્યો. પીએમ મોદીએ યુએન સુરક્ષા પરિષદમાં સુધારાને હવે વધુ મુલતવી રાખી શકાય નહીં તેમ જણાવી વાટાઘાટોને ચોક્કસ સમયમર્યાદા અને સ્પષ્ટ પરિણામો સાથે જોડવાની હાકલ કરી. નાણાકીય સંસ્થાઓમાં મતદાન શક્તિ, નેતૃત્વ અને નીતિ પ્રાથમિકતાઓ આજની આર્થિક વાસ્તવિકતાઓને અનુરૂપ હોવી જોઈએ તેમ તેમણે જણાવ્યું. દરમિયાન, બ્રિક્સ દેશોએ આતંકવાદના તમામ સ્વરૂપોની સખત નિંદા કરી હતી. નવી દિલ્હી ઘોષણામાં ૨૨ એપ્રિલ, ૨૦૨૫ના જમ્મુ-કાશ્મીરમાં પહેલગામ આતંકવાદી હુમલાની પણ નિંદા કરવામાં આવી હતી, જેમાં ૨૬ લોકોનાં મોત થયા હતા. સભ્ય દેશોએ સરહદ પારના આતંકવાદ, આતંકવાદી ભંડોળ અને આતંકવાદીઓને મળતા આશ્રય સામે સંયુક્ત રીતે લડવાની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી.

# દિલ્હીમાં મોદી-જિનપિંગ અત્યંત મહત્વપૂર્ણ દ્વિપક્ષીય બેઠક યોજાઈ

નવીદિલ્હી,તા.૧૨

નવી દિલ્હીમાં યોજાયેલી ૧૮મી બ્રિક્સ શિખર પરિષદ દરમિયાન ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે અત્યંત મહત્વપૂર્ણ દ્વિપક્ષીય બેઠક યોજાઈ હતી. બેઠકના પ્રારંભે વડાપ્રધાન મોદીએ જિનપિંગનું ઉષ્માભર્યું સ્વાગત કરતા જણાવ્યું હતું કે, "ભારતની બ્રિક્સ અધ્યક્ષતા દરમિયાન ચીન તરફથી મળેલા સમર્થન અને સકારાત્મક સહયોગ બદલ હું આભાર વ્યક્ત કરું છું. હવે આપણી પાસે દ્વિપક્ષીય સહયોગ પર વિગતવાર ચર્ચા કરવાની ઉત્તમ તક છે. ભારતમાં તમારું હાર્દિક સ્વાગત છે." ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ લગભગ ૭ વર્ષના લાંબા સમયગાળા બાદ ભારતની મુલાકાતે આવ્યા છે. ૨૦૨૦ના ગલવાન ઘાટીના તણાવ બાદ ભારતીય ધરતી પર બંને નેતાઓ વચ્ચેની આ પ્રથમ સીધી બેઠક છે.

# મલેશિયાના પીએમ અનવર ઈબ્રાહિમે પાકિસ્તાનના આતંકવાદ અંગે મૌન સેવ્યું

નવી દિલ્હી, તા.૧૨

બ્રિક્સ સમિટમાં ભાગ લેવા નવી દિલ્હી આવેલા મલેશિયાના વડાપ્રધાન અનવર ઈબ્રાહિમે ગાઝામાં ઈઝરાયલની કાર્યવાહીને 'રાજ્ય આતંકવાદ' ગણાવી સખત ટીકા કરી હતી, જોકે પાકિસ્તાન દ્વારા ભારત વિરુધ્ધ આતંકવાદને પ્રોત્સાહન આપવાના મુદ્દે તેમણે સ્પષ્ટ વલણ અપનાવવાનું ટાળ્યું હતું. પાકિસ્તાનને આતંકવાદનું રાજ્ય પ્રાયોજક કહેવા અંગે પૂછવામાં આવતા ઈબ્રાહિમે કહ્યું હતું કે તેઓ આટલી હદ સુધી




નહીં જાય. ગાઝા મુદ્દે તેમણે કહ્યું કે હમાસ લગભગ ૨૦ વર્ષ જૂનું છે, જ્યારે પેલેસ્ટાઈન પરનો કબજો દાયકાઓ જૂનો છે. મલેશિયા અને ભારત બંને વસાહતીવાદથી પરિચિત હોવાથી પેલેસ્ટાઈન પર ઈઝરાયલના કબજાને સ્વીકારી શકાય નહીં. સતત બોમ્બમારો અને હત્યાઓને તેમણે ભયાનક ગણાવી હતી. ભારત સામે પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદ અંગેના સવાલના જવાબમાં ઈબ્રાહિમે કહ્યું કે તેમની ગુપ્તચર એજન્સીઓએ પાકિસ્તાનથી આતંકવાદી પ્રવૃત્તિઓનું સીધું સંચાલન થતું હોવાની પુષ્ટિ કરી નથી. જોકે, તેમણે સ્પષ્ટ કર્યું હતું કે તેનો અર્થ એવો નથી કે આતંકવાદી ઘટનાઓ બની નથી. ભારતને મહાન સભ્યતા, સંસ્કૃતિ અને ઈતિહાસ ધરાવતો દેશ ગણાવી તેમણે ભારત અને પાકિસ્તાન વચ્ચેના પ્રશ્નો ઉકેલાય તેવી આશા વ્યક્ત કરી હતી. ઈબ્રાહિમે અમેરિકાની કેટલીક નીતિઓની ટીકા સાથે અમેરિકન રોકાણનું સ્વાગત કરવાની વાત કરી હતી. તેમણે ઈરાન યુધ્ધ અંગે પણ અમેરિકાની ટીકા કરી હતી. દક્ષિણ ચીન સમુદ્ર મુદ્દે ચીનના વલણ અંગે તેમણે અસંમતિ વ્યક્ત કરી હતી. ભારત સાથે સંરક્ષણ સહયોગ અંગે ચર્ચા થઈ હોવાનું જણાવતાં તેમણે બ્રહ્મોસ મિસાઈલ સહિતની વિગતો નિષ્ણાતો નક્કી કરશે તેમ કહ્યું હતું.

# વનતારામાં એક વર્ષ સુધીની સઘન સંભાળથી માધુરીએ આરોગ્ય, સ્થિરતા અને સુખાકારી ફરી મેળવી








૧૧ સપ્ટેમ્બર ૨૦૨૬

કોલ્હાપુરમાં 'મહાદેવી' તરીકે ઓળખાતી અને લોકોમાં પ્રિય એવી માધુરીને હાઈ-પાવર્ડ કમિટી (HPC)ના નિર્દેશોના પાલનરૂપે ૩૦ જુલાઈ ૨૦૨૫ના રોજ જામનગર સ્થિત વનતારામાં લાવવામાં આવી હતી. આ નિર્દેશોને માનનીય બોમ્બે હાઈકોર્ટ અને માનનીય સુપ્રીમ કોર્ટે પણ યથાવત્ રાખ્યા હતા. વનતારાએ માધુરીની કસ્ટડી માગી નહોતી. નિર્દેશ આપવામાં આવ્યા હોવાથી વનતારાએ તેને સ્વીકારી અને તેની સંભાળ રાખી.

કોલ્હાપુરમાં માધુરીને લઈને લોકોની ઊંડી લાગણીઓને અમે સંપૂર્ણપણે સમજીએ છીએ. મહારાષ્ટ્ર સરકાર, તેના અધિકારીઓ, સંબંધિત હિતધારકો અને સમુદાયના સભ્યો સાથે ચર્ચા કર્યા બાદ, ૬ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ વનતારાએ સ્પષ્ટ કર્યું હતું કે તે લોકોની લાગણીઓનું સન્માન કરે છે અને સક્ષમ સત્તાધિકારીઓના નિર્દેશોનું પાલન કરશે.

ત્યારબાદ માનનીય સુપ્રીમ કોર્ટે તમામ પક્ષોને તેમના દાવાઓ HPC સમક્ષ રજૂ કરવા નિર્દેશ આપ્યો હતો. પક્ષકારોની સુનાવણી કર્યા બાદ, અહેવાલો મંગાવ્યા અને નંદાણી ખાતેની સુવિધાનું નિરીક્ષણ કર્યા પછી, HPCએ ૯ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ વિગતવાર કારણસભર આદેશ પસાર કરીને કડક શરતોને આધીન માધુરીને કોલ્હાપુર પરત મોકલવાની મંજૂરી આપી હતી. આ શરતોમાં માધુરીનો કોઈપણ સરઘસ કે અન્ય કોઈ હેતુ માટે ઉપયોગ ન કરવો, તેની ચોવીસ કલાક સંભાળ રાખવી અને દર પખવાડિયે તેની તબીબી તપાસ કરાવવાનો સમાવેશ થાય છે.

વનતારા HPCની સત્તાનું સન્માન કરે છે અને તેના તમામ નિર્દેશોનું સંપૂર્ણપણે પાલન કરશે.

માધુરી અંગે વનતારાનું વલણ હંમેશાં પશુચિકિત્સા વિજ્ઞાન અને તેના કલ્યાણના સિદ્ધાંતો દ્વારા માર્ગદર્શિત રહ્યું છે. સતત પશુચિકિત્સકીય સારવાર અને સંભાળ દ્વારા તેની તબિયત સ્થિર કરવામાં આવી છે, પરંતુ તેની લાંબા સમયથી ચાલી આવતી તબીબી સમસ્યાઓ સંપૂર્ણપણે દૂર થઈ નથી. તેને હજુ પણ યોગ્ય સંભાળ, સહાયક સારવાર અને નિયમિત પશુચિકિત્સકીય દેખરેખની જરૂર છે.

માધુરી કોલ્હાપુર પરત જાય છે તેની સાથે અમારી જવાબદારી પૂરી થતી નથી. વનતારાએ તેની યોગ્ય રીતે સંભાળ સુનિશ્ચિત થાય તે માટે તેના પુનઃસ્થાપન પ્રક્રિયામાં સહયોગ આપ્યો છે. તેના માટે યોગ્ય રહેવાની પરિસ્થિતિ, પશુચિકિત્સકીય સુવિધાઓ, તબીબી સાધનો, દવાઓ અને અન્ય જરૂરી વસ્તુઓ ઉપલબ્ધ રહે તે માટે વ્યવસ્થા કરવામાં મદદ કરવામાં આવી છે.



HPCના નિર્દેશ મુજબ, વનતારાના પશુચિકિત્સકો દર પખવાડિયે કોલ્હાપુર જઈને માધુરીની તબીબી તપાસ કરશે અને તેમના અહેવાલો સક્ષમ સત્તાધિકારીઓને સુપરત કરશે. આ સતત સારવાર અને સંભાળ જાળવી રાખવા તથા માધુરી જ્યાં પણ રહે ત્યાં તેના કલ્યાણનું રક્ષણ સુનિશ્ચિત કરવા અંગે છે.

વનતારાએ નંદાણી ખાતેના એ ઘેરાવ અને સુવિધામાં પણ જરૂરી કામગીરી કરી છે, જ્યાં માધુરી હવે પરત જઈ રહી છે. ઉપલબ્ધ માળખાકીય સુવિધાઓને ધ્યાનમાં રાખીને તેના માટે શક્ય તેટલી શ્રેષ્ઠ વ્યવસ્થા કરવામાં આવી છે. હાલના તબક્કે માળખાકીય સુવિધામાં વધુ સુધારા કરવાનું શક્ય બન્યું નથી, કારણ કે ટાઉન પ્લાનિંગ સંબંધિત મર્યાદાઓ છે. ટ્રસ્ટની જમીનમાંથી પસાર થતો રસ્તો હોવાથી વિકાસ માટે ઉપલબ્ધ જમીન મર્યાદિત થઈ ગઈ છે.

માધુરી ત્યાં સ્થિર થઈ જાય ત્યારબાદ પણ વનતારા સુવિધાના આધુનિકીકરણ અને અપગ્રેડેશન માટે મઠને સહાય આપવા માટે ઉપલબ્ધ રહેશે. જો કોર્ટ અથવા સક્ષમ સત્તાધિકારીઓ દ્વારા આવું કરવા માટે નિર્દેશ આપવામાં આવશે, તો વનતારા આવા સુધારાકાર્યમાં પણ સંપૂર્ણ સહયોગ આપશે.


વનતારાનું માનવું છે કે સાચા અર્થમાં પ્રાણી કલ્યાણ માટે તથ્યો, પશુચિકિત્સા વિજ્ઞાન, જવાબદાર સંભાળ, યોગ્ય કાનૂની પ્રક્રિયાનું સન્માન અને જીવનની હંમેશા સુરક્ષા કરવાની અડગ પ્રતિબદ્ધતા જરૂરી છે.

વનતારા માનનીય સુપ્રીમ કોર્ટ, માનનીય બોમ્બે હાઈકોર્ટ અને HPC દ્વારા આપવામાં આવેલા નિર્દેશો માટે આભારી છે. અમે મહારાષ્ટ્ર અને ગુજરાત સરકારો તથા તેમના અધિકારીઓના સહયોગ બદલ તેમનો આભાર માનીએ છીએ. માધુરી પ્રત્યેની ચિંતા અને લાગણી માટે અમે મઠ તથા કોલ્હાપુરના લોકોના પણ આભારી છીએ.

માધુરીની સ્થિતિ HPC સમક્ષ લાવવામાં PETA Indiaએ ભજવેલી ભૂમિકાને પણ અમે સ્વીકારીએ છીએ અને પ્રાણી કલ્યાણના ક્ષેત્રમાં PETA India સાથેના અમારા લાંબા સમયના સંબંધને મૂલ્યવાન ગણીએ છીએ.

માધુરીનું સુખાકારી અને કલ્યાણ વનતારાની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. તેના આરોગ્ય, કલ્યાણ અને ગૌરવ પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતા તે ક્યાં રહે છે તેના પર આધારિત નથી. અમે તેના સારા આરોગ્ય અને લાંબા, સુરક્ષિત તથા સુખી જીવનની શુભેચ્છા પાઠવીએ છીએ.

— વનતારા



### પાકિસ્તાનથી સંચાલિત 'કાશ્મીર ઇન્ટેલ' એકાઉન્ટ દ્વારા ભ્રામક માહિતી ફેલાવવાનો આરોપ

# એલઓસી પર આતંકવાદ અને ઘરો ખાલી કરાવવાના અહેવાલો ખોટા: ભારતીય સેના



નવી દિલ્હી, તા.૧૨

જમ્મુ-કાશ્મીરમાં નિયંત્રણ રેખા (એલઓસી) નજીક આતંકવાદી પ્રવૃત્તિ વધી હોવા તથા ભારતીય સેનાએ કેટલાક વિસ્તારોમાં ઘરો ખાલી કરાવ્યા હોવાના સોશિયલ મીડિયા પર ફેલાઈ રહેલા અહેવાલોને ભારતીય સેનાએ સંપૂર્ણપણે ફગાવી દીધા છે. સેનાએ આ દાવાઓને ખોટા ગણાવી લોકોને અપ્રમાણિત માહિતી પર વિશ્વાસ ન કરવા અને તેને આગળ ન ફેલાવવા અપીલ કરી છે. સોશિયલ મીડિયા પર એવો દાવો કરવામાં આવ્યો હતો કે એલઓસી નજીક આતંકવાદી પ્રવૃત્તિમાં વધારો થયો છે અને ઉત્તર કાશ્મીરના કુપવાડા તથા બારામુલ્લા જિલ્લામાં મુખ્ય લશ્કરી ઠેકાણાઓ નજીક રહેતા લોકોને ઘરો ખાલી કરવા સૂચના આપવામાં આવી છે. જોકે, ભારતીય સેનાની હકીકત તપાસમાં આ દાવાઓ ખોટા હોવાનું સામે આવ્યું છે. ભારતીય સેનાના સત્તાવાર ફેક્ટ-ચેક એકાઉન્ટ દ્વારા 'એક્સ' પર કરવામાં આવેલી પોસ્ટમાં જણાવાયું હતું કે 'કાશ્મીર ઈન્ટેલ' નામનું એકાઉન્ટ એલઓસી પર આતંકવાદી પ્રવૃત્તિમાં વધારો અને 'અસામાન્ય ભારતીય લશ્કરી તૈનાતી' અંગે ખોટા સમાચાર ફેલાવી રહ્યું છે. સેનાએ સ્પષ્ટ કર્યું કે આવા કોઈ ઘરો ખાલી કરાવવાના આદેશ આપવામાં આવ્યા નથી. સેનાએ જણાવ્યું કે આ એકાઉન્ટ પાકિસ્તાનથી સંચાલિત પ્રચાર એકાઉન્ટ હોવાનું જણાય છે. લોકોને આવા સંવેદનશીલ અહેવાલો શેર કરતા પહેલાં સત્તાવાર સ્ત્રોતો પરથી માહિતીની ખરાઈ કરવા અપીલ કરવામાં આવી છે.



સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
રવિવાર, તા.૧૩-૦૯-૨૦૨૬

# બગસરામાં જર્જરિત બિલ્ડિંગના બહાને નર્સિંગ સ્કૂલ રાજકોટ ખસેડાતાં સ્થાનિકોમાં ભારે રોષ

બગસરા,તા.૧૨

બગસરા શહેરની શૈક્ષણિક અને તબીબી ક્ષેત્રની અત્યંત મહત્વપૂર્ણ નર્સિંગ સ્કૂલ બંધ કરીને તેને રાજકોટ તબદીલ કરવામાં આવતા સમગ્ર પંથકમાં ભારે અસંતોષ વ્યાપ્યો છે. સ્થાનિક દીકરીઓને ઘરઆંગણે જ ઉત્તમ તબીબી શિક્ષણ આપતી આ સરકારી સંસ્થાનું બિલ્ડિંગ લાંબા સમયથી જર્જરિત હાલતમાં હતું. પ્રશાસને આ ઈમારતનું યોગ્ય સમારકામ કે નવેસરથી નિર્માણ કરવાને બદલે સમગ્ર શાળા જ રાજકોટ ખસેડી લેવાનો આસાન રસ્તો અપનાવ્યો છે. તંત્રની આ અણઘડ નીતિને કારણે બગસરાને મળતી વધુ એક મહત્ત્વની જાહેર સુવિધા છીનવાઈ ગઈ છે. ભૂતકાળમાં પણ આવી સુવિધાઓ અન્યત્ર ખસેડાતાં સ્થાનિક વિકાસ અને રોજગારી પર વિપરીત અસર પડી છે. ખાસ કરીને ગરીબ અને મધ્યમ વર્ગની વિદ્યાર્થીનીઓ માટે રાજકોટ જેવા દૂરના શહેરમાં જઈને અભ્યાસ કરવો આર્થિક રીતે અત્યંત મુશ્કેલ બનશે, જેથી અનેક દીકરીઓ શિક્ષણથી વંચિત રહેવાની ભીતિ છે. આ નિર્ણય સામે સામાજિક સંસ્થાઓ અને નાગરિકોએ ઉગ્ર વિરોધ દર્શાવ્યો છે. લોકોની માગણી છે કે નર્સિંગ સ્કૂલ માટે નવી બિલ્ડિંગ મંજૂર કરીને તેને પુનઃ બગસરામાં જ શરૂ કરવામાં આવે. જો સરકાર આ નિર્ણય પર તાત્કાલિક પુનઃવિચાર નહીં કરે, તો આગામી દિવસોમાં ગાંધીચિંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન કરવાની ચીમકી આપવામાં આવી છે.

**નવી કારોબારીને આવકારાઈ**

# બગસરા લેઉવા પટેલ સમાજના નવા હોદ્દેદારોની સર્વાનુમતે નિમણૂક

બગસરા,તા.૧૨

બગસરા લેઉવા પટેલ સમાજના નવા હોદ્દેદારોની સર્વાનુમતે બિનહરીફ નિમણૂક કરવામાં આવી છે. જેમાં સમાજના પ્રમુખ તરીકે રમેશભાઈ શંભુભાઈ ગોંડલિયા, મંત્રી તરીકે બીપીનભાઈ પી. વધાસિયા, ઉપપ્રમુખ તરીકે શિવલાલભાઈ પ્રેમજીભાઈ ઠુંમર અને હરેશભાઈ કનુભાઈ પટોળીયાની વરણી કરાઈ છે. સહમંત્રી તરીકે વિકાસભાઈ ભુવા અને દિનેશભાઈ ભાલાળા, ખજાનચી તરીકે જેન્તીભાઈ કથીરિયા અને પરસોતમભાઈ હિરાણી, કો-ઓર્ડિનેટર તરીકે ધીરુભાઈ કોટડીયા અને હરકીશનભાઈ પાનસુરીયા તથા ઓડિટર તરીકે અરવિંદભાઈ કાનાણીની પસંદગી કરવામાં આવી છે. આ ઉપરાંત સમાજ દ્વારા ૪ ટ્રસ્ટીઓ અને ૭ સલાહકારોની પણ નિમણૂક કરવામાં આવી છે. નવી કારોબારી પર મુકાયેલા વિશ્વાસ અને આપેલી જવાબદારી બદલ નવનિયુક્ત પ્રમુખ દ્વારા સમગ્ર સમાજનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# 'હું તને જ ગાળો આપુ છું, થાય એ કરી લે' કહી ભૂંડા બોલ્યા

**સાવરકુંડલા શહેરમાં ઘટના બની**

સાવરકુંડલા, તા.૧૨

સાવરકુંડલા ટાઉનમાં 'હું તને જ ગાળો આપુ છું, થાય એ કરી લે' કહી ભૂંડા બોલ્યા હતા. આ અંગે પ્રેમજીભાઈ કરશનભાઈ ધાખડા (ઉ.વ.૫૯) એ ઘનશ્યામભાઈ જયસુખભાઈ બોરીસાગર સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ પોતાના ઘરેથી દળણું દળાવા જતા હતા. બજારમાં સામાવાળાએ ખરાબ ખરાબ ગાળો બોલતા હોવાથી તેમણે ગાળો બોલવાની ના પાડી હતી, જેથી સામાવાળાએ કહ્યું કે હું તનેજ ગાળો આપુ છું. થાય એ કરી લે એમ કહી જેમ ફાવે તેમ ગાળો આપી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ કેતનભાઈ ડી રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# લીલીયામોટા ખાતે પોલીસનો લોકદરબાર યોજાયો

**અસામાજિક તત્વોની ફરિયાદ પોલીસને ખાનગીમાં આપવા અપીલ કરાઈ**



લીલીયા,તા.૧૨

લીલીયા પોલીસ સ્ટેશન ખાતે પી.આઈ. એમ.ડી. સાળુંકેના અધ્યક્ષસ્થાને લોકદરબાર તેમજ શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી.

જેમાં લીલીયા તથા ગ્રામ્ય વિસ્તારમાં કાયદો-વ્યવસ્થાને લગતા વિવિધ મુદ્દાઓ અંગે ચર્ચા કરી ગ્રામજનો સાથે સીધો સંવાદ સાધવામાં આવ્યો હતો. લોકદરબારમાં ટ્રાફિક નિયમોનું પાલન, જુગાર-દારૂ જેવી અસામાજિક પ્રવૃત્તિઓ, વ્યાજખોરી તથા સાયબર ક્રાઈમ અંગે લોકોને સાવચેત કરાયા હતા. ઉપરાંત ASK એપ્લિકેશન, ૧૮૧ અને ૧૧૨ હેલ્પલાઈન અંગે માહિતી આપી જરૂરિયાત સમયે ઉપયોગ કરવા સમજ આપવામાં આવી હતી. ગામમાં અસામાજિક તત્વો સક્રિય હોય અથવા કોઈ ફરિયાદ હોય તો પોલીસને ખાનગી રીતે જાણ કરવા અપીલ કરાઈ હતી. આગામી ગણપતિ ઉત્સવ દરમિયાન શાંતિ જળવાઈ રહે તે અંગે પણ ચર્ચા થઈ હતી. પીએસઆઈ વાય.એમ. જાડેજા સહિત પોલીસ કર્મચારીઓ તથા આગેવાનો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ધારીના શીવડ ગામે પત્ની સાથે ઝઘડા બાદ પતિએ ઝેરી દવા પીધી

ધારી, તા.૧૨

ધારીના શીવડ ગામે પત્ની સાથે ઝઘડા બાદ પતિએ ઝેરી દવા પીધી હતી. આ અંગે મનુભાઈ મધુભાઈ પરમાર (ઉ.વ.૩૫)એ જાહેર કર્યા મુજબ, તેમના ઘરે એક મોબાઈલ ફોન હતો. જે મોબાઈલ ફોન રાખવા બાબતે બંન્ને પતિ-પત્ની વચ્ચે બોલાચાલી ઝઘડો થયો હતો. જેથી તેમના પત્ની મનીષાબેન તેમને જાણ કર્યા વગર પોતાના મામાના ઘરે મહુવા જતા રહ્યા હતા. જે વાતનું તેમને મનમાં લાગી આવતા પોતાની મેળે મોનોકોટો (ઝેરી) દવા પી જતા સારવાર અર્થે દાખલ કર્યા હતા.

ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આર.ડી.વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# દામનગરમાં નવા પુલ પર બંને બાજુ સ્પીડ બ્રેકર બનાવવાની માંગ




દામનગર,તા.૧૨

દામનગરના ઠાસા રોડ ઉપર બેઠા નાળાની જગ્યાએ અંદાજે રૂ. અઢી કરોડના ખર્ચે બનાવેલા નવા પુલ ઉપર આર.સી.સી. રોડ બનાવવામાં આવ્યો છે. પુલ પરથી વાહનચાલકો પૂરપાટ ઝડપે વાહનો ચલાવી લેતા હોવાથી અકસ્માત થવાની સંભાવના વધી છે. જેથી પુલની બંને બાજુ સ્પીડ બ્રેકર બનાવવામાં આવે તેવી માંગ ઉઠી છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, વાહનોની ઝડપ નિયંત્રિત કરવા તંત્ર દ્વારા તાત્કાલિક જરૂરી કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ છે.

# નવા વાઘણીયા ગામે બાઈક સ્લીપ થતાં ઈજા થવાથી યુવકનું મોત

**મોટી કુંકાવાવના યુવકે જીવ ગુમાવ્યો**

બગસરા, તા.૧૨

બગસરાના નવા વાઘણીયા ગામે, જાનકી ડેરી પાસે રોડ ઉપર મોટી કુંકાવાવના યુવકની બાઈક સ્લીપ થતાં માથામાં ઈજા થવાથી મોત નિપજ્યું હતું. બનાવ અંગે મોટી કુંકાવાવમાં રહેતા સુરેશભાઈ બાબુભાઈ તલસાણીયા (ઉ.વ.૪૨)એ જાહેર કર્યા મુજબ હરેશભાઈ બાબુભાઈ તલસાણીયા (ઉ.વ.૩૮)ની મોટર સાયકલ અચાનક સ્લીપ મારી જતા રસ્તાની સાઈડમાં પડી જતા માથાના ભાગે ગંભીર ઈજા થતા મરણ પામ્યા હતા. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી ડી વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલા પંથકમાં છેલ્લા દોઢ મહિનાથી વરસાદે હાથતાળી આપી

**દુષ્કાળગ્રસ્ત જાહેર કરી આર્થિક સહાય અને રાહત આપવાની માંગ ઉઠી**

સાવરકુંડલા,તા.૧૨

સાવરકુંડલા પંથકમાં છેલ્લા દોઢેક મહિનાથી વરસાદ ખેંચાતા ખેડૂતો અને પશુપાલકોની મુશ્કેલી વધી છે.

આકાશમાં કાળાડીબાંગ વાદળો ઘેરાય છે, પરંતુ વરસાદ વરસ્યા વગર જ છટકી જાય છે. લાંબા વિરામને કારણે ઉભો પાક સુકાવા લાગતા ખેડૂતો ચિંતામાં મુકાયા છે. હાલ ચોમાસું પાક નિષ્ફળ જવાની અણી પર પહોંચ્યો છે. ખેડૂતોનું કહેવું છે કે એક સારો સાર્વત્રિક વરસાદ પડે તો પાક સંપૂર્ણ બચે નહીં તો પણ પશુઓ માટે ઘાસચારો અને પીવાના પાણીની સમસ્યા હળવી થઈ શકે. ખેતીમાં કરેલો ખાતર, બિયારણ અને મજૂરીનો ખર્ચ માથે પડે તેવી સ્થિતિ છે. ખેડૂતો દ્વારા સ્થળ તપાસ અને સર્વે કરી સાવરકુંડલા પંથકને દુષ્કાળગ્રસ્ત જાહેર કરી આર્થિક સહાય અને રાહત આપવાની માંગ ઉઠી છે.

# ધારીના બોરડી ગામે જમીન વેચાણના રૂ.૫.૦૫ લાખની ઉઘરાણી મુદ્દે બબાલ

ધારી, તા.૧૨

ધારીના બોરડી ગામે જમીન વેચાણના રૂ. ૫.૦૫ લાખની ઉઘરાણી મુદ્દે બબાલ થઈ હતી. ફરિયાદીએ ફોન કાઢી વીડિયો ઉતારતા ઝપાઝપી કરવામાં આવી હતી. રમેશભાઈ જીવાભાઈ બોરીચા (ઉવ-૪૧)એ ભગાભાઈ જાગાભાઈ કાતરીયા તથા અશ્વિનગીરી સુંદરગીરી ગોસાઈ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, ખેતીની જમીનના વેચાણ માટે તેમણે ભગાભાઈ કાતરીયાને બાનાપેટે રૂ.૫.૧૫ લાખ આપ્યા હતા. નોટરી કરેલા બાનાખતમાં ખર્ચના રૂ.૧૦ હજાર બાદ બાકી રૂ.૫.૦૫ લાખની રકમ તા.૩૦ મે, ૨૦૨૫ સુધીમાં પરત આપવાની સમજૂતી થઈ હતી. સમયમર્યાદા પૂર્ણ થયા બાદ તેમણે વારંવાર નાણાંની માંગણી કરી હતી. દરમિયાન તા.૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સવારે આશરે ૧૦ વાગ્યે ફોન કરીને પૈસાની માંગણી કરતાં ભગાભાઈ કાતરીયાએ વાડીએ હોવાનું જણાવતાં તેઓ ત્યાં પહોંચ્યા હતા. તેમણે નાણાંની માંગણી કરતાં અશ્વિનગીરી ગોસાઈએ રૂ.૨ લાખ આપવાની વાત કરી હતી. આ દરમિયાન તેમણે મોબાઈલમાં વીડિયો ઉતારવાનું શરૂ કરતાં આરોપી ઉશ્કેરાયો હતો અને બે લાફા મારી ઝપાઝપી કરી હતી, જ્યારે અશ્વિનગીરી લાકડી લઈને મારવા દોડ્યો હતો. બંનેએ તેમને મનફાવે તેમ ગાળો આપી હતી.

# સતાધાર અલખ યાત્રાને લઈને ધર્મપ્રેમીઓમાં ઉત્સાહ

**આજે સવારે ૮:૦૦ કલાકે સાવરકુંડલાથી યાત્રાનો થશે પ્રારંભ**



સાવરકુંડલા,તા.૧૨

ધર્મ જાગરણ સમન્વય-સૌરાષ્ટ્ર પ્રાંત દ્વારા આયોજિત પવિત્ર સતાધાર અલખ યાત્રાના પૂર્વ આયોજન માટે ગુરુવારે શ્રી માધાબાપુની જગ્યા, કાનજી બાપુ ખાતે બેઠક યોજાઈ હતી. બેઠકમાં સમાજના આગેવાનો, વિવિધ સમિતિના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં ધર્મપ્રેમી ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. યાત્રા સમિતિના સંયોજક ભીખુભાઈ અગ્રાવત સહિત અશોકસિંહ જાડેજા, ભરતભાઈ રાદડિયા, વિપુલભાઈ કનાડીયા અને ભીખાભાઈ કાબરીયાએ યાત્રાના રૂટ તથા વ્યવસ્થા અંગે માર્ગદર્શન આપ્યું હતું. તા. ૧૩ સપ્ટેમ્બરે સવારે ૮ વાગ્યે સાવરકુંડલાથી યાત્રાનું પ્રસ્થાન થશે. ધારી, અમરેલી, ચલાલા અને બગસરાથી પણ પેટા યાત્રાઓ જોડાશે. સતાધાર ધામના મહંત વિજયબાપુના આશીર્વાદ સાથે લોકસાહિત્યકાર માયાભાઈ આહીર અને રાજભા ગઢવી ઉપસ્થિત રહેશે. સાંજે ૪:૩૦ કલાકે સતાધાર ધામ ખાતે ધર્મસભા, આરતી અને પ્રસાદ સાથે યાત્રાનું સમાપન થશે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧|| || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...

YJ
યમુના જવેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

**સમગ્ર વાતાવરણ 'હર હર મહાદેવ'ના નાદ સાથે ભક્તિમય બની ગયું**

# નાગનાથ મંદિરના ટ્રસ્ટી તરીકે દિનેશભાઈ ભુવાની નિમણૂક થતા શીતલ પરિવાર દ્વારા ધ્વજારોહણ

અમરેલી,તા.૧૨





અમરેલીના પૌરાણિક અને ઐતિહાસિક નાગનાથ મહાદેવ મંદિરના ટ્રસ્ટી તરીકે શીતલ આઈસ્ક્રીમના એમ.ડી. દિનેશભાઈ ડી. ભુવાની નિમણૂક થતાં શીતલ પરિવાર દ્વારા મંદિરે ભવ્ય ધ્વજારોહણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે દકુભાઈ ભુવાના નિવાસસ્થાનેથી એક ભવ્ય શોભાયાત્રા યોજવામાં આવી હતી. ધ્વજાજીને અત્યંત ભક્તિભાવ અને શ્રધ્ધાપૂર્વક નાગનાથ મંદિર સુધી લાવવામાં આવ્યા હતા. ત્યારબાદ શાસ્ત્રોક્ત વિધિ અને વૈદિક મંત્રોચ્ચાર સાથે શિખર પર ધ્વજારોહણ સંપન્ન કરવામાં આવ્યું હતું, જેનાથી સમગ્ર વાતાવરણ 'હર હર મહાદેવ'ના નાદ સાથે ભક્તિમય બની ગયું હતું. આ પ્રસંગે સંતો - મહંતો, ખોડલધામ પરિવાર, લેઉવા પટેલ સમાજ, ડીસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ, લાયન્સ ક્લબ ઓફ અમરેલી, ડોકટર્સ, અમરેલી સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન, મોટા બસ સ્ટેન્ડ વેપારી એસોસિએશન સહિત વિવિધ સામાજિક, ધાર્મિક, ઔદ્યોગિક અને રાજકીય ક્ષેત્રના આગેવાનો તથા શુભેચ્છકો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત તમામ અગ્રણીઓ અને શુભેચ્છકોએ દિનેશભાઈ ભુવા તથા ભુપતભાઈ ભુવા, સંજયભાઈ ભુવા,યશ,હાર્દિક,કેવલ અને જીત ભુવા સહિત ભુવા પરિવારને નવી જવાબદારી બદલ હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી અને તેમના માધ્યમથી મંદિર અને સમાજની ઉત્કૃષ્ટ સેવાઓ થતી રહે તેવી મંગલ કામનાઓ વ્યક્ત કરી હતી.

**ફ્રેન્ચાઇઝીના નામે રૂ. ૩.૦૭ લાખ અને OTP મેળવી રૂ. ૧.૮૭ લાખની છેતરપિંડી**

# અમરેલીમાં ઓનલાઈન ઠગાઈના બે બનાવ

**અમરેલી અને કેરાળા વિરડીયા ગામનો બનાવ**

અમરેલી, તા.૧૨

અમરેલી જિલ્લામાં સાયબર ગઠિયાઓનો ત્રાસ દિન-પ્રતિદિન વધી રહ્યો છે. ઓનલાઈન છેતરપિંડીના બે અલગ-અલગ કિસ્સાઓમાં ગઠિયાઓએ નાગરિકોને નિશાન બનાવી કુલ રૂ. ૪.૯૫ લાખની રકમ પડાવી લીધી હોવાની ફરિયાદો સામે આવી હતી.

અમરેલીમાં રહેતા નિહારપરી સુરેશપરી ગોસાઈએ નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, સાયબર ઠગોએ જાણીતી 'શાડોફેક્સ' કુરિયર કંપનીના મેનેજર તરીકેની ખોટી ઓળખ આપી ફરિયાદીને પોતાની જાળમાં ફસાવ્યો હતો. આરોપીઓએ ઈમેઈલ આઈડીનો ઉપયોગ કરી વિશ્વાસ કેળવ્યો હતો. ત્યારબાદ તેમને કુરિયર ફ્રેન્ચાઈઝી ખોલાવી આપવાની લાલચ આપી જુદા-જુદા ૮ ટ્રાન્ઝેક્શન કરાવી લીધા હતા. જેમાં આરોપીઓએ પોતાની એસબીઆઈ બેંક ખાતામાં રૂ. ૧,૯૬,૩૯૫ અને કેનેરા બેંક ખાતામાં રૂ. ૧,૧૧,૩૨૫ મેળવી કુલ રૂ. ૩,૦૭,૭૨૦ નું ઓનલાઈન ફ્રોડ આચરી રકમ ઓળવી લીધી હતી.

બીજો કિસ્સોમાં વિવિધ OTP મેળવી ખાતામાંથી રૂ. ૧.૮૭ લાખ સેરવી લીધા હતા. આ અંગે કેરાળા વિરડીયા ગામે રહેતા કમલેશભાઈ હિંમતભાઈ વિરડીયા (ઉ.વ.૩૬) એ નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, અજાણ્યા સાયબર ભેજાબાજે તેમનો સંપર્ક સાધી વિશ્વાસમાં લીધા હતા. આરોપીએ તેમની પાસેથી અલગ-અલગ સમયે ઓનલાઈન ટ્રાન્ઝેક્શન માટેના ઓ.ટી.પી. મેળવી લીધા હતા. તેમના બેંક એકાઉન્ટમાંથી કુલ રૂ. ૧,૮૭,૨૮૯.૮૫ સેરવી લઈ છેતરપિંડી આચરી હતી. આ બંને કિસ્સામાં ભોગ બનનાર અરજદારોની વિગતોના આધારે પોલીસે ગુનો નોંધી, બેંક એકાઉન્ટ ડિટેઈલ્સ અને મોબાઈલ નંબરોના આધારે સાયબર ગેંગને પકડવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.

# અમરેલીની ૧૦૮ ટીમે ખેતરમાં ડિલિવરી કરાવી માતા-બાળકનો જીવ બચાવ્યો

અમરેલી, તા.૧૨



અમરેલી જિલ્લાની બાલભવન ૧૦૮ ઈમરજન્સી ટીમે ત્વરિત સેવા અને માનવતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડતાં ખેતરમાં જ સગર્ભા મહિલાની સુરક્ષિત અને સફળ પ્રસુતિ કરાવી છે. સગર્ભા મહિલા અંગેનો ઈમરજન્સી કોલ મળતાં બાલભવન ૧૦૮ની ટીમ તુરંત જ ઘટનાસ્થળે પહોંચી હતી. મહિલાને હોસ્પિટલ લઈ જતી વખતે જ અસહ્ય દુખાવો શરૂ થતાં સ્થિતિ હાઈ-રિસ્ક બની ગઈ હતી. બાળકની સ્થિતિ નાજુક હોવાથી સમય બગાડ્યા વિના ઈ.એમ.ટી. વિશાલ પડસાલા અને પાયલોટ દિનેશભાઈ ચૌહાણે ખેતરમાં જ ડિલિવરી કરાવવાનો નિર્ણય લીધો હતો. અમદાવાદ સ્થિત કોલ સેન્ટરના ફિઝિશિયન ડોક્ટરના માર્ગદર્શન હેઠળ ટીમે કુશળતાપૂર્વક નોર્મલ ડિલિવરી કરાવી જરૂરી સારવાર આપી હતી. માતા અને નવજાત બાળક બંને સંપૂર્ણ સ્વસ્થ હોવાથી તેમને સહી-સલામત અમરેલી સિવિલ હોસ્પિટલ ખસેડાયા છે.

# લાઠી તાલુકામાં ૨૩ થી ૨૯ સપ્ટેમ્બર સુધી સેવાસેતુ કાર્યક્રમો

**દામનગર-લાઠી નગરપાલિકા વિસ્તારમાં ૩ અને ૫ ઓક્ટોબરે સેવાસેતુ યોજાશે**

અમરેલી તા. ૧૨

લાઠી તાલુકાના વિવિધ ગામોના ક્લસ્ટરમાં ૨૩, ૨૫ અને ૨૯ સપ્ટેમ્બરે સેવાસેતુ કાર્યક્રમ યોજાશે. લુવારિયા ખાતે ૨૩ સપ્ટેમ્બરે, પીપળવા ખાતે ૨૫ સપ્ટેમ્બરે અને નારણગઢ ખાતે ૨૯ સપ્ટેમ્બરે સવારે ૯ વાગ્યાથી કાર્યક્રમ યોજાશે.

દામનગર નગરપાલિકા ખાતે ૩ ઓક્ટોબર અને લાઠી નગરપાલિકા ખાતે ૫ ઓક્ટોબરે કાર્યક્રમ યોજાશે. સેવાસેતુ ૨.૧ અંતર્ગત આધાર નોંધણી-સુધારા, રાશનકાર્ડ, વિધવા તથા વૃધ્ધ સહાય, વ્હાલી દીકરી યોજના, આવક-જાતિના દાખલા, હેલ્થ ચેકઅપ, બેંકિંગ સેવા, ઈ-કેવાયસી અને વારસાઈ અરજી સહિતની સેવાઓનો સ્થળ પર લાભ મળશે. ગ્રામ્ય તથા શહેરી નાગરિકોને કાર્યક્રમનો લાભ લેવા મામલતદાર કચેરી દ્વારા અનુરોધ કરાયો છે.

# સાવરકુંડલાના કેવડાપરા વિસ્તારમાંથી ૪ શકુની ઝબ્બે

**રોકડા રૂ. ૧૦,૧૭૦ ના મુદ્દામાલ સાથે ઝડપાયા**

સાવરકુંડલા, તા. ૧૨

સાવરકુંડલાના કેવડાપરા વિસ્તારમાંથી પોલીસે ૪ જુગારીઓને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. દર્શનભાઈ પરબતભાઈ સાથળા, વિશાલભાઈ કરશનભાઈ મકવાણા, રાજુભાઈ ધનજીભાઈ પરમાર તથા હિતેષભાઈ જગદીશભાઈ પરમાર જાહેરમાં ગંજીપત્તાના પાના વડે પૈસાની હાર-જીતનો તીનપત્તીનો જુગાર રમતા રોકડા રૂ. ૧૦,૧૭૦ ના મુદ્દામાલ સાથે ઝડપાઈ ગયા હતા. આ અંગે સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.એલ. મકવાણા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# વડિયા-કુંકાવાવમાં સૌની યોજનાનું પાણી છોડવા કોંગ્રેસની માંગ

વડિયા, તા૧૨



ઓછા વરસાદના કારણે વડિયા-કુંકાવાવ તાલુકામાં ખેડૂતોના ઉભા પાક પર સંકટ ઊભું થયું છે. પાણીના તળિયા નીચે જતાં અનેક કૂવાઓમાં પણ પાણી ઘટતાં ખેડૂતોને સિંચાઈની મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ સ્થિતિમાં તાલુકા કોંગ્રેસ પ્રમુખ સત્યમ મકાણીએ અમરેલી જિલ્લા કલેક્ટર અને વડિયા મામલતદારને લેખિત રજૂઆત કરી છે. રજૂઆતમાં સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ સિંચાઈ યોજના (સૌની યોજના)નું પાણી તાત્કાલિક તાલુકાના જરૂરી ચેકડેમો, તળાવો અને ડેમમાં છોડવાની માંગ કરાઈ છે.




# બાબરાના લોકમેળામાં ૫૦૦ નાના વેપારીઓને રામાનંદી સાધુ સમાજે ભોજન પીરસ્યું

બાબરા, તા.૧૨



શહેરના નિલકંઠ મહાદેવ મંદિરના પ્રાંગણમાં યોજાતા લોકમેળામાં રોજગારી માટે આવતા નાના અને ગરીબ વેપારીઓ માટે બાબરા તાલુકા રામાનંદી સાધુ સમાજ દ્વારા ભાદરવી અમાસના પાવન દિવસે સેવાકાર્ય કરાયું હતું. સમાજના કાર્યકરોએ મેળામાં વેપાર માટે બેઠેલા આશરે ૫૦૦ વેપારીઓ સુધી પહોંચી પૂરી-બટેટાનું શાક અને પુલાવ ભાતનું ભોજન પીરસ્યું હતું. આ સેવાકાર્ય પ્રમુખ પ્રતાપભાઈ દેવમુરારીના માર્ગદર્શન હેઠળ યોજાયું હતું. જેમાં ખજાનચી રસિકભાઈ અગ્રાવત, યુવાપાંખના પ્રમુખ કનુભાઈ દેવમુરારી, ઉપપ્રમુખ કિશનભાઈ વિષ્ણુ, પ્રવિણભાઈ કુબાવત સહિતના આગેવાનો અને કાર્યકરો જોડાયા હતા. ઉલ્લેખનીય છે કે કૃષ્ણનગર સોસાયટી દ્વારા પણ છેલ્લા છ વર્ષથી મેળાની આગલી રાત્રે નાના વેપારીઓ માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવે છે.

## અવસાન નોંધ

**ડુંગર**

સ્વ.જયોતિબેન મંગળદાસ મહેતા (ઉ.વ.૮૨) નું તા.૦૯/૦૯/૨૦૨૬ના રોજ શ્રીજી ચરણ પામેલ છે. રાજુલાના ડુંગર ગામના પૂર્વ સરપંચ મનીષભાઈ મહેતાના માતા તેમજ યુવા પત્રકાર ધર્મેશ મહેતાના દાદી અને મનીષ, વિપુલ, ભાવનાના માતાશ્રી, ધર્મેશના દાદી, રાજવી, હેતવીના દાદી તેમજ કમલેશકુમાર તથા રૂપલના સાસુ, સ્વ. પ્રતાપભાઈ, સ્વ.જસવંતભાઈ, સ્વ. કાન્તીભાઈ, સ્વ.પ્રવિણભાઈ, સ્વ.મહેન્દ્રભાઈ, કાળાબેન, નવીનચંદ્ર મહેતા, સ્વ.મંજુબેન હર્ષદભાઈ મહેતા, જયાબેન રમણીકલાલ મહેતાના ભાભી, મહુવા નિવાસી સ્વ.જેઠાલાલ વનમાળીદાસ મહેતાની દિકરી, સુરેશભાઈ, ભુપતભાઈના બેન થાય છે.

તેમનુ સદ્ગતનુ બેસણુ ડુંગર મુકામે તેમના નિવાસ સ્થાને તારીખ ૧૨/૦૯/૨૦૨૬ના શનિવારના રોજ બપોરે ૦૪:૦૦ થી ૬:૦૦ વાગ્યા સુધી રાખેલ છે.







# એમ્બ્યુલન્સમાં ચોરખાનું બનાવી દારૂની હેરાફેરી કરતા શખ્સને બાબરા પોલીસે ઝડપ્યો

અમરેલી, તા.૧૨



અમરેલી જિલ્લાના રાજકોટ-ભાવનગર હાઈવે પરથી બાબરા પોલીસે એમ્બ્યુલન્સમાં લઈ જવાતો વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો હતો.

પોલીસને બાતમી મળી હતી કે એક એમ્બ્યુલન્સ દ્વારા વિદેશી દારૂની હેરાફેરી કરવામાં આવી રહી છે. આ બાતમીના આધારે પી. આઈ. રાજેશ પરમાર અને તેમની ટીમે આંબલીધાર અને ગોગાળ ગામ નજીક શંકાસ્પદ એમ્બ્યુલન્સને અટકાવીને તપાસ હાથ ધરી હતી.

પોલીસે તપાસ કરતાં દર્દીના કેબિનમાં સ્ટ્રેચર બેડની નીચે ખાસ બનાવેલું એક ચોરખાનું મળી આવ્યું હતું. આ ચોરખાનામાંથી વિદેશી દારૂની નાની-મોટી કુલ ૧,૯૬૮ બોટલો મળી આવી હતી, જેની કુલ કિંમત રૂ. ૩,૫૬,૦૭૨ હતી. પોલીસે સ્થળ પરથી રૂ. ૭ લાખની કિંમતની એમ્બ્યુલન્સ, દારૂનો જથ્થો અને મોબાઈલ ફોન મળીને કુલ રૂ. ૧૦,૬૬,૬૮૮નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

આ મામલે પોલીસે ગોંડલના રહેવાસી એમ્બ્યુલન્સ ચાલક સાગર ઉર્ફે લાલો કમલેશભાઈ ગોહેલની ધરપકડ કરી હતી. તેમજ આ દારૂનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને આગળ કોને પહોંચાડવાનો હતો, તેમજ આ નેટવર્કમાં અન્ય કયા બુટલેગરો સામેલ છે તે દિશામાં પોલીસે તપાસ તેજ કરી હતી. જિલ્લામાં વિવિધ સ્થળેથી સાત લોકો પાસેથી પીવાનો દેશી દારૂ મળ્યો હતો. આ ઉપરાંત વિવિધ સ્થળેથી ૧૦ લોકો પાસ પરમીટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા જોવા મળ્યા હતા.

# અમરેલીમાં સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત મંત્રી કૌશિક વેકરિયાની હોદ્દેદારો સાથે બેઠક

અમરેલી,તા.૧૨




અમરેલી જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે મંત્રી કૌશિક વેકરિયાના અધ્યક્ષસ્થાને 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત જિલ્લાના હોદ્દેદારો સાથે બેઠક યોજાઈ હતી. બેઠકમાં અભિયાનને વધુ અસરકારક બનાવવા, કાર્યકરોની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવા તથા જનસેવાના વિવિધ કાર્યોને આયોજનબધ્ધ રીતે આગળ વધારવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. સેવા, સંગઠન અને જનસંપર્કના સંકલ્પ સાથે કામગીરીને વધુ વેગ આપવાનો નિર્ધાર કરાયો હતો. મંત્રી કૌશિક વેકરિયાએ કાર્યકરો સાથે વ્યક્તિગત પરિચય જાળવી નાનામાં નાના કાર્યકરને પણ જરૂરી સમયે સાથ, સહકાર અને માર્ગદર્શન મળતું રહે તે માટે ભાર મૂક્યો હતો.

# રાજુલાના મોરંગી ગામે ખોટી ફરિયાદ કરવાના મનદુઃખમાં છરી બતાવી

**આરોપી તેમના કૈટુંબીક સભ્યો ઉપર અવાર નવાર ખોટી ફરીયાદો કરી તેમને હેરાન પરેશાન કરતો હતો**

રાજુલા, તા.૧૨

રાજુલાના મોરંગી ગામે ખોટી ફરિયાદ કરવાના મનદુખમાં છરી બતાવવામાં આવી હતી.

આ અંગે મોટા મોભીયાણા ગામના શૌકતઅબ્બાસ મહમદહુસેન નકવી (ઉ.વ.૪૭)એ જનકભાઈ મોહનભાઈ સોલંકી સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ મોરંગી ગામે જેન્તીભાઈ દેવજીભાઈ વાયલુના ઘરના વડલા પાસે ઉભા હતા.

આરોપી તેમના કૌટુંબીક સભ્યો ઉપર અવાર નવાર ખોટી ફરીયાદો કરી તેમને હેરાન પરેશાન કરતો હતો. જેથી તેમણે તેની વિરૂધ્ધમા ડુંગર પોલીસ સ્ટેશનમાં અરજી આપી હતી.જે બાબતનુ મન દુઃખ રાખી જનકભાઈએ તેને ગાળો આપી છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ડુંગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ એલ ભેરડા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલામાં વિદેશી દારૂના ૪૪ ચપટા સાથે યુવક ઝડપાયો

**જિલ્લામાં ૧૩ લોકો પાસેથી પીવાનો દેશી દારૂ જપ્ત કર્યો**

અમરેલી, તા.૧૨

સાવરકુંડલામાં વિદેશી દારૂના ૪૪ ચપટા સાથે યુવક ઝડપાયો હતો. સાવરકુંડલાના નેસડી રોડ પર પીકઅપ બસસ્ટેશન પાસેથી એક યુવક પાસ-પરમીટે ભારતીય બનાવટની વિદેશી દારૂની નાની-નાની પ્લાસ્ટીકના ચપટા બોટલો નંગ-૪૪ સાથે ઝડપાયો હતો. પોલીસે કુલ રૂ. ૬૬૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી કરી હતી.

જિલ્લામાં ૧૩ લોકો પાસેથી પીવાનો દેશી દારૂ જપ્ત કર્યો હતો. જિલ્લામાંથી નવ લોકો પાસ પરમીટે કેફીપીણું પીધેલી હાલતમાં જાહેરમાં ફરતા મળી આવ્યા હતા.

# એવોર્ડ માટે ખેલાડીઓ ૧૫ ઓક્ટોબર સુધી ઓનલાઈન અરજી કરી શકશે

**૧૧ સપ્ટેમ્બરથી એકલવ્ય, સરદાર પટેલ તથા જયદીપસિંહજી સિનિયર-જુનિયર એવોર્ડ માટે નોંધણી શરૂ**

અમરેલી, તા. ૧૨

રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા આપવામાં આવતા એકલવ્ય, સરદાર પટેલ તથા જયદીપસિંહજી સિનિયર-જુનિયર એવોર્ડ માટે ઓનલાઈન અરજી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૨-૨૩, ૨૦૨૩-૨૪ તથા ૨૦૨૪-૨૫ દરમિયાન સિદ્ધિ મેળવનાર પાત્ર ખેલાડીઓ તા. ૧૧ સપ્ટેમ્બરથી તા. ૧૫ ઓક્ટોબર સુધી સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતની વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરી શકશે. અમરેલી જિલ્લાના ખેલાડીઓને વધુ માહિતી અને માર્ગદર્શન માટે જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, ગોળ દવાખાનાની બાજુમાં, ચિતલ રોડ, અમરેલી ખાતે સંપર્ક કરવા જણાવાયું છે. ઓનલાઈન અરજીમાં તકલીફ પડે તો કચેરીનો સંપર્ક કરી જરૂરી માર્ગદર્શન મેળવી શકાશે.

# રાજુલા તાલુકાના વિસળીયા ગામે બોલાચાલીના મનદુઃખમાં યુવકને ફટકાર્યો

**જાનથી મારવાની પણ ધમકી આપી**

રાજુલા, તા.૧૨

રાજુલાના વિસળીયા ગામે બોલાચાલીના મનદુખમાં યુવકને ફટકારવામાં આવ્યો હતો. તેમજ જાનથી મારી નાખવાની ધમકી અપાઈ હતી. બનાવ અંગે વિનુભાઈ પાસાભાઈ શિયાળ (ઉ.વ.૨૦)એ દેવશીભાઈ રામભાઈ સાંખટ, ભરતભાઈ રામભાઈ સાંખટ તથા અજયભાઈ દેવશીભાઈ સાંખટ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના મોટાભાઈ અશોકભાઈ ગામમાં માવો ખાવા માટે ગયા હતા. ત્યાં મોટર સાયકલ સાઈડમાં લેવા બાબતે દેવશીભાઈ સાંખટ સાથે બોલાચાલી થઈ હતી. જેનું મનદુઃખ રાખી ત્રણેય આરોપીઓ તેમના ઘર સામે આવી જેમ ફાવે તેમ ગાળો આપવા લાગ્યા હતા. ભરતભાઈ તથા અજયભાઈએ હાથમાં લાકડી લઈ આવી તેમના માતા તથા ભાઈને માર મારી મુંઢ ઈજા કરી હતી. દેવશીભાઈએ હાથમાં ટ્રેક્ટરનું પપલર લઈ આવી તેમના માથામાં બે ઘા મારી પાંચ ટાંકા આવે તેવી ઈજા કરી તથા અજયભાઈએ તેમને ઢીકાપાટુનો મુંઢમાર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ.ડી.લાધવા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી જિલ્લામાં બે સ્થળેથી ૧૧ પત્તાપ્રેમી રૂ.૪૮,૨૬૦ના મુદ્દામાલ સાથે પકડાયા

**લીલીયાના બોડીયા અને ખાંભાના ડેડાણ ગામેથી જુગારીઓ ઝડપાયા**

અમરેલી, તા.૧૨

અમરેલી જિલ્લામાં બે સ્થળેથી ૧૧ પત્તા પ્રેમી પકડાયા હતા. લીલીયાના બોડીયા ગામે સ્મશાન પાસેથી અનીલભાઈ બધાભાઈ સોંદરવા, આકાશભાઈ શામજીભાઈ ગળીયલ તથા હિંમ્મતભાઈ પ્રેમજીભાઈ સોંદરવા જાહેરમા ગંજીપતા વડે પૈસાનો તીન પતીનો હાર જીતનો જુગાર રમતા રેઈડ દરમ્યાન રોકડા રૂા.૩૨૦૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. જ્યારે ખાંભાના ડેડાણ ગામેથી નિજામભાઈ ભીખુભાઈ ખોખર, સાદીકભાઈ જીભાઈ ખોખર, કાદરભાઈ વલીભાઈ ટાંક, મજીદભાઈ ભીખુભાઈ ખોખર, હુસેનભાઈ ઉર્ફે વકીલ સાલેભાઈ બેલીમ, રમેશભાઈ ભગવાનભાઈ પરમાર, બાબુભાઈ બોઘાભાઈ સાખટ તથા જાદવભાઈ જીણાભાઈ ગોહિલ જાહેરમાં ગંજીપત્તાનાં પાના વડે પૈસાની હારજીતનો જુગાર રમતા રોકડ રકમ રૂ.૧૦,૪૩૦, મોબાઈલ ફોન નંગ-૦૭ મળી કુલ કિં.રૂ.૩૭,૮૩૦ ના મુદ્દામાલ સાથે પકડાયા હતા. બંને સ્થળેથી મળી કુલ રૂ. ૪૮,૨૬૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી કરી હતી.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૭૦૦ | ૧૯૮૧ |
| ઘઉં લોકવન | ૫૫૪ | ૫૮૪ |
| ઘઉં ટુકડા | ૫૫૫ | ૬૩૪ |
| જુવાર સફેદ | ૧૧૧૦ | ૧૪૧૮ |
| જુવાર લાલ | ૧૦૦૦ | ૧૩૭૦ |
| જુવાર પીળી | ૪૬૧ | ૫૩૯ |
| બાજરી | ૩૩૬ | ૪૫૦ |
| મકાઇ | ૪૩૦ | ૪૮૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૭૧૧ |
| ચણા પીળા | ૧૧૩૫ | ૧૨૮૬ |
| ચણા સફેદ | ૧૩૭૦ | ૨૦૦૭ |
| અડદ | ૧૩૫૦ | ૧૮૫૦ |
| મગ | ૧૧૯૦ | ૧૬૨૦ |
| વાલ દેશી | ૮૪૫ | ૧૨૯૦ |
| ચોળી | ૯૦૦ | ૧૭૪૦ |
| વટાણા | ૫૫૦ | ૮૩૪ |
| રાજમા | ૧૩૦૫ | ૨૦૦૦ |
| સીંગદાણા | ૧૭૨૧ | ૨૧૨૬ |
| મગફળી જાડી | ૧૨૪૧ | ૧૫૩૫ |
| મગફળી જીણી | ૧૧૬૧ | ૧૮૦૪ |
| તલી | ૧૯૫૦ | ૨૫૩૦ |
| સુરજમુખી | ૧૨૫૦ | ૧૫૧૫ |
| એરંડા | ૧૩૩૫ | ૧૪૫૬ |
| અજમો | ૧૫૧૫ | ૨૯૫૦ |
| સોયાબીન | ૧૦૫૫ | ૧૩૦૫ |
| સીંગફાડા | ૧૨૨૧ | ૧૮૪૦ |
| કાળા તલ | ૨૪૦૦ | ૩૫૭૦ |
| લસણ | ૧૧૦૦ | ૨૪૪૦ |
| ધાણા | ૨૬૩૦ | ૨૯૭૬ |
| ધાણી | ૨૭૦૦ | ૩૦૩૧ |
| વરીયાળી | ૧૭૦૦ | ૨૨૮૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૦૪૪ |
| રાય | ૧૩૦૦ | ૧૭૬૩ |
| મેથી | ૮૦૦ | ૧૩૯૫ |
| અશેરીયો | ૯૯૦ | ૧૨૪૦ |
| કલોંજી | ૩૩૦૦ | ૪૧૭૨ |
| રાયડો | ૧૧૮૦ | ૧૫૦૦ |
| રજકાનું બી | ૭૫૦૦ | ૧૦૫૦૦ |

| | | |
|---|---|---|
| ગુવારનું બી | ૧૧૦૦ | ૧૨૩૬ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૧૫૧૪ | ૨૯૭૯ |
| પપૈયા | ૨૦૧ | ૪૦૭ |
| બટેટા | ૯૩ | ૨૯૬ |
| ડુંગળી સુકી | ૩૫૧ | ૮૮૧ |
| ટમેટા | ૨૨૫ | ૪૧૧ |
| સુરણ | ૭૦૧ | ૯૧૯ |
| કોથમરી | ૧૫૪ | ૨૪૩ |
| મુળા | ૨૨૧ | ૪૦૭ |
| રીંગણા | ૧૦૭ | ૨૧૨ |
| કોબીજ | ૧૮૧ | ૨૫૪ |
| ફ્લાવર | ૨૨૭ | ૪૨૫ |
| ભીંડો | ૫૮૬ | ૭૮૪ |
| ગુવાર | ૮૦૭ | ૧૨૨૩ |
| ચોળાસીંગ | ૪૩૧ | ૬૫૫ |
| વાલોળ | ૨૯૭ | ૪૨૬ |
| ટીંડોળા | ૩૨૧ | ૬૨૦ |
| દુધી | ૪૩ | ૧૦૦ |
| કારેલા | ૧૨૨ | ૨૦૭ |
| સરગવો | ૭૧૧ | ૧૨૨૫ |
| તુરીયા | ૨૦૧ | ૩૧૧ |
| પરવર | ૫૨૨ | ૭૩૧ |
| કાકડી | ૨૯૩ | ૪૬૪ |
| ગાજર | ૩૩૧ | ૫૧૪ |
| વટાણા | ૧૬૬૧ | ૨૪૪૨ |
| કંટોળા | ૧૦૨૨ | ૧૪૧૮ |
| ગલકા | ૯૫ | ૧૯૭ |
| બીટ | ૩૧૪ | ૫૦૧ |
| મેથી | ૨૪૧ | ૩૫૭ |
| વાલ | ૪૫૪ | ૫૯૨ |
| ડુંગળી લીલી | ૪૦૧ | ૬૧૧ |
| આદુ | ૧૩૯૨ | ૨૯૭૮ |
| મરચા લીલા | ૧૦૭ | ૨૧૨ |
| લસણ લીલું | ૧૮૧૦ | ૨૪૧૫ |
| મગફળી લીલી | ૬૧૪ | ૮૧૮ |
| મકાઇ લીલી | ૧૪૩ | ૩૬૪ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૫૧ | ૨૦૦૧ |

| | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૫૨૦ | ૬૩૦ |
| ઘઉં ટુકડા | ૫૩૦ | ૭૦૦ |
| મગફળી જીણી | ૧૦૫૧ | ૧૮૫૧ |
| સિંગદાણા જાડા | ૧૬૪૧ | ૧૯૯૧ |
| સિંગ ફાડીયા | ૧૦૦૦ | ૧૭૯૦ |
| એરંડા/એરંડી | ૧૧૭૧ | ૧૪૮૧ |
| જીરૂ | ૨૪૨૬ | ૪૧૯૧ |
| ક્લંજી | ૨૦૦૧ | ૪૨૦૧ |
| વરીયાળી | ૧૦૦૧ | ૧૦૦૧ |
| ધાણા | ૨૪૦૧ | ૩૧૧૧ |
| લસણ સુકું | ૧૦૧૧ | ૨૬૯૧ |
| અડદ | ૮૦૦ | ૧૮૧૧ |
| તુવેર | ૧૧૭૬ | ૧૭૪૧ |
| રાય | ૧૨૦૧ | ૧૬૭૧ |
| મેથી | ૧૩૦૧ | ૧૩૦૧ |
| સુરજમુખી | ૫૨૬ | ૧૩૩૧ |
| મગફળી જાડી | ૮૫૦ | ૧૫૪૧ |
| સફેદ ચણા | ૧૧૦૦ | ૨૦૧૧ |
| ધાણી | ૨૫૦૧ | ૩૦૯૧ |
| બાજરો | ૩૦૧ | ૪૩૧ |
| જુવાર | ૭૦૧ | ૧૨૩૧ |
| મકાઇ | ૫૦૧ | ૫૦૧ |
| મગ | ૯૨૬ | ૧૬૯૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૩૧૬ |
| વાલ | ૮૭૬ | ૧૦૨૬ |
| ચોળા/ચોળી | ૧૫૭૧ | ૧૫૭૧ |
| સોયાબીન | ૧૦૭૧ | ૧૧૬૧ |
| ગોગળી | ૯૫૧ | ૧૩૩૧ |
| વટાણા | ૪૫૧ | ૭૭૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૬૦૦ |
| મરચા | ૬૦ | ૫૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૨૦૦ |
| કોબી | ૧૦૦ | ૪૦૦ |
| દુધી | ૪૦ | ૨૦૦ |
| ફ્લાવર | ૫૦ | ૫૦૦ |
| કાકડી | ૧૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૩૦ | ૩૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૭૦૦ |

| | | |
|---|---|---|
| ગલકા | ૪૦ | ૪૦૦ |
| ગાજર | ૧૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૬૦૦ |
| વાલ | ૪૦૦ | ૯૦૦ |
| વટાણા | ૧૬૦૦ | ૨૪૦૦ |
| બટેટા | ૧૬૦ | ૨૬૦ |
| ડુંગળી પુરા | ૧૦ | ૨૦ |
| તાંજરીયા પુરા | ૨ | ૭ |
| કોથમીર પુરા | ૧ | ૧૦ |
| મૂળા પુરા | ૩ | ૫ |
| ફોદીનો પુરા | ૧ | ૪ |
| પચકારુ | ૩૦૦ | ૫૦૦ |
| પરવર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ઘીસોડા | ૧૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૬૦૦ | ૩૬૦૦ |
| મેથી પુરા | ૧ | ૮ |
| બીટ પુરા | ૧૦ | ૨૦ |
| ચોરા | ૨૦૦ | ૬૦૦ |
| કારેલા | ૬૦ | ૨૪૦ |
| વાલોર | ૧૪૦ | ૫૦૦ |
| મગફળી લીલી | ૪૦૦ | ૮૦૦ |
| કાચા પોપૈયા | ૧૦૦ | ૪૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૮૦૦ |
| ફણશી | ૧૪૦૦ | ૨૨૦૦ |
| મકાઈ ડોડા | ૧૬૦ | ૪૦૦ |
| પાલક પુરા | ૧ | ૪ |
| **અમરેલી** | | |
| શિંગ મોટી | ૧૧૨૫ | ૧૩૮૫ |
| શિંગમોટી નવી | ૧૨૦૫ | ૧૨૦૫ |
| શિંગ દાણા | ૧૧૦૦ | ૨૧૪૦ |
| શિંગદાણા ફાડા | ૧૬૦૦ | ૧૭૫૫ |
| તલ સફેદ | ૧૬૩૦ | ૨૫૯૫ |
| તલ કાળા | ૨૨૦૦ | ૩૬૭૫ |
| તલ કાશમીરી | ૨૩૬૫ | ૨૪૬૫ |
| બાજરો | ૩૬૦ | ૪૭૫ |
| જુવાર | ૧૩૨૫ | ૧૩૨૫ |
| ઘઉં બંસી | ૬૧૫ | ૬૧૫ |
| ઘઉં ટુકડા | ૫૨૦ | ૭૦૫ |
| ઘઉં લોકવન | ૫૫૦ | ૬૨૫ |

| | | |
|---|---|---|
| ચણા | ૧૦૭૦ | ૧૨૮૫ |
| સફેદ ચણા | ૧૦૦૦ | ૧૨૧૫ |
| તુવેર | ૧૩૮૫ | ૧૬૦૫ |
| વાલ | ૫૮૦ | ૫૮૦ |
| કપાસ | ૧૨૮૦ | ૨૦૪૫ |
| એરંડા | ૧૧૦૦ | ૧૪૨૫ |
| ધાણી | ૨૭૦૦ | ૨૯૯૦ |
| સોયાબીન | ૧૦૭૦ | ૧૧૨૫ |
| રજકાનું બી | ૮૦૦૦ | ૯૧૩૦ |
| કલોંજી | ૧૦૦૦ | ૨૭૫૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૦૦ | ૨૬૦ |
| રીંગણા | ૧૦૦ | ૨૦૦ |
| ફુલાવર | ૪૦૦ | ૪૫૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૦૦ |
| શક્કરિયા | ૯૦૦ | ૧૨૮૦ |
| ટમેટા | ૫૦૦ | ૫૫૦ |
| સુરણ | ૯૫૦ | ૧૦૫૦ |
| ગાજર | ૫૦૦ | ૬૦૦ |
| દૂધી | ૧૦૦ | ૨૦૦ |
| કારેલા | ૧૫૦ | ૨૦૦ |
| ગલકા | ૨૦૦ | ૨૫૦ |
| મૂળા | ૧૦૦ | ૨૦૦ |
| કાકડી | ૨૮૦ | ૫૦૦ |
| ગુવાર | ૭૦૦ | ૯૦૦ |
| વાલોળ | ૩૦૦ | ૪૦૦ |
| વટાણા | ૨૦૦૦ | ૨૪૦૦ |
| ચોળા લીલાં | ૩૦૦ | ૪૦૦ |
| તુરીયા | ૨૨૦ | ૩૧૦ |
| કંટોલા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ચીભડા | ૫૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૪૦૦ |
| શીંગઓળા | ૭૦૦ | ૮૨૦ |
| આદુ | ૧૨૫૦ | ૨૫૦૦ |
| કોથમીર | ૨૦૦ | ૩૦૦ |
| મેથીભાજી | ૪૦૦ | ૫૦૦ |
| ફુદીનો | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૭૦૦ |
| બીટ | ૫૫૦ | ૬૫૦ |

| | | |
|---|---|---|
| લીલી તુવેર | ૭૦૦ | ૮૦૦ |
| સરગવો | ૮૦૦ | ૯૫૦ |
| લીમડો મીઠો | ૧૭૦ | ૧૯૦ |
| મરચા લીલા | ૨૨૦ | ૩૫૦ |
| ડુંગળી લીલી | ૫૦૦ | ૬૦૦ |
| ડુંગળી સૂકી | ૫૦૦ | ૮૭૦ |
| લસણ લીલું | ૧૭૦૦ | ૨૦૫૦ |
| લસણ સૂકું | ૨૦૦૦ | ૨૩૦૦ |
| પાલક | ૨૦૦ | ૩૦૦ |
| લીંબુ | ૧૫૦૦ | ૩૦૦૦ |
| મકાઇ | ૨૫૦ | ૩૮૦ |
| વાલ | ૫૨૦ | ૬૩૦ |
| **બાબરા** | | |
| કપાસ નવો | ૧૭૮૦ | ૨૦૦૦ |
| કપાસ કોડી | ૧૨૦૦ | ૧૪૪૦ |
| મગફળી | ૧૧૫૦ | ૧૩૫૦ |
| જીરૂ | ૩૪૨૫ | ૩૯૦૦ |
| ચણા | ૧૧૫૦ | ૧૨૩૦ |
| ઘઉં | ૫૨૧ | ૫૫૧ |
| **ધારી** | | |
| કપાસ | ૧૮૦૦ | ૨૦૨૨ |
| મગફળી | ૧૪૧૪ | ૧૪૧૪ |
| ઘઉં લોકવન | ૫૧૫ | ૫૫૦ |
| શીંગ ફાડા | ૧૪૩૦ | ૧૪૩૦ |
| **કોડીનાર** | | |
| મગફળી નવી | ૧૧૫૧ | ૧૨૯૦ |
| બાજરી હાઈબ્રીડ | ૪૫૦ | ૫૧૭ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૨૯ |
| અડદ | ૧૪૦૦ | ૧૭૪૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૨૩૨ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૨૪૦ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૫૩૨ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૯૦૦ | ૨૧૦૦ |
| મગફળી | ૧૧૧૫ | ૧૧૧૫ |
| ઘઉં લોકવન | ૫૩૪ | ૫૬૦ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૭૬ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૧૩૦ |
| ચણા | ૧૧૮૦ | ૧૨૧૫ |

| | | |
|---|---|---|
| શીંગદાણા | ૧૮૦૦ | ૧૮૭૫ |
| મગ | ૧૩૦૦ | ૧૬૭૫ |
| તુવેર | ૮૦૦ | ૧૦૦૦ |
| તલ કાળા | ૧૭૦૦ | ૨૯૦૦ |
| મેથી | ૯૫૦ | ૯૫૦ |
| જુવાર | ૭૦૦ | ૭૦૦ |
| એરંડી | ૧૩૦૫ | ૧૩૦૫ |
| ચોળી | ૯૮૦ | ૯૮૦ |
| કાંગ | ૪૬૫ | ૪૬૫ |
| ધાણા | ૨૪૦૦ | ૨૯૩૧ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૨૩૦૫ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૧૩૧ | ૨૦૦૧ |
| ઘઉં | ૪૦૧ | ૫૭૫ |
| મકાઈ | ૫૯૬ | ૫૯૬ |
| મગ | ૧૨૦૧ | ૧૫૦૦ |
| ચણા | ૯૦૧ | ૧૨૭૧ |
| તુવેર | ૮૦૧ | ૧૬૪૧ |
| મગફળી | ૮૦૦ | ૧૧૮૧ |
| શિંગ ફાડા | ૧૪૦૧ | ૧૭૫૧ |
| તલ સફેદ | ૧૫૦૧ | ૨૩૯૬ |
| મેથી | ૧૪૨૧ | ૧૪૨૧ |
| જીરૂ | ૩૭૭૬ | ૩૭૭૬ |
| ધાણા | ૧૮૦૧ | ૨૬૬૧ |
| લસણ | ૧૫૩૧ | ૧૫૩૧ |
| સોયાબીન | ૯૦૧ | ૧૧૪૬ |
| **સાવરકુંડલા** | | |
| કપાસ | ૧૯૦૦ | ૨૦૩૫ |
| શિંગ મોટી | ૧૦૦૦ | ૧૫૦૦ |
| તલ | ૨૧૦૦ | ૨૪૫૦ |
| તલ કાળા | ૨૭૦૦ | ૩૩૮૯ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૯૪૧ |
| ઘઉં | ૪૫૦ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૪૩૯ | ૫૩૭ |
| મગ | ૧૫૫૦ | ૧૫૫૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૬૨ |
| તુવેર | ૧૦૧૧ | ૧૪૫૦ |
| ધાણા | ૨૨૨૨ | ૨૪૫૫ |
| **જામનગર** | | |

| | | |
|---|---|---|
| બાજરી | ૪૦૦ | ૪૩૦ |
| ઘઉં | ૪૦૦ | ૫૭૮ |
| મગ | ૮૫૦ | ૧૫૯૦ |
| અડદ | ૧૮૦૦ | ૧૮૩૦ |
| તુવેર | ૧૫૦૦ | ૧૫૭૦ |
| ચણા | ૧૦૪૧ | ૧૩૩૨ |
| ચણા સફેદ | ૧૨૦૦ | ૧૬૭૫ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૨૦૦ |
| એરંડા | ૧૨૫૦ | ૧૪૮૬ |
| તલી | ૧૮૦૦ | ૨૪૯૦ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૪૯૫ |
| રાયડો | ૧૧૦૦ | ૧૨૦૫ |
| લસણ | ૮૦૦ | ૨૩૨૫ |
| કપાસ | ૧૨૯૦ | ૨૦૭૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૦૮૫ |
| અજમો | ૨૩૦૦ | ૪૨૮૫ |
| અજમાની ભુસી | ૨૫ | ૩૦૦૦ |
| ધાણા-ધાણી | ૨૦૦૦ | ૨૩૦૦ |
| ડુંગળી સુકી | ૪૫૦ | ૯૦૦ |
| શીંગદાણા | ૧૫૦૦ | ૧૮૫૦ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૧૬૦ |
| વટાણા | ૬૦૦ | ૬૩૫ |
| કલોંજી | ૩૨૦૦ | ૪૦૦૦ |
| **મહુવા** | | |
| ડુંગળી લાલ | ૧૪૬ | ૯૧૬ |
| ડુંગળી સફેદ | ૨૩૨ | ૫૬૫ |
| નાળીયેર | ૬૦૦ | ૩૦૯૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૭૦૦ | ૭૦૦ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૨૨૫૦ |
| તલ કાળા | ૨૮૦૦ | ૩૧૮૪ |
| કપાસ | ૧૪૧૨ | ૧૮૭૫ |
| બાજરો | ૪૨૬ | ૪૯૪ |
| ઘઉં ટુકડા | ૪૯૨ | ૬૦૪ |
| જુવાર | ૧૨૦૦ | ૧૩૮૧ |
| મકાઈ | ૬૦૨ | ૬૦૨ |
| ચણા | ૧૨૦૨ | ૧૨૦૨ |
| શીંગદાણા | ૧૨૦૦ | ૧૭૦૦ |

## સ્વરા, કૃતિ, રાહુલ અને ગ્રામસ્કી-લ્યુકાક્સની કલ્ચરલ ટેરરિઝમ થિયરી

વિચાર વલોણું



જયવંત પંડ્યા

આ પહેલાંના ડાબેરી કલાકારો, ઈતિહાસકારો, બુધ્ધિજીવીઓનાં નિવેદનો જોઈશું તો એક નિશ્ચિત ક્રમ-એક પેટર્ન જણાશે. મોદી સરકાર આવ્યા પહેલાં આ ડાબેરી કલાકારો, ઈતિહાસકારો અને બધ્ધિજીવીઓ કરવા ચોથ, રામાયણ, મહાભારત, મનુસ્મૃતિ વિશે સ્વચ્છંદી રીતે બોલતા હતા પરંતુ ૨૦૧૪માં મોદી સરકાર આવ્યા પછી તેઓ બેબાકળા બન્યા છે. જોકે સૉશિયલ મીડિયા લીધે આ બધાંનાં બેવડાં ધોરણો ખુલ્લાં પડી રહ્યાં છે. મીડિયા કૉંગ્રેસ સમર્થિત ચાટુકાર પત્રકારોના હાથોમાં હતું. તેથી પૂણેમાં 'છાત્રો કી ગૂંજ' કાર્યક્રમ થયો હોય તો માત્ર હિન્દુ યુવતી અને સાથે ઊભેલી મુસ્લિમ યુવતીએ વાત કરી તે જ બતાવે. સૉશિયલ મીડિયામાં જાણ થઈ જાય છે કે એ કાર્યક્રમમાં રાહુલ ગાંધીનો 'મને સ્કાર્ફ પહેરવા સમાજ દબાણ કરે છે' તેવું કહેનાર હિન્દુ યુવતી પ્રત્યે કેવો અભિગમ હતો અને 'હિજાબ પહેરવો જોઈએ કે નહીં' તેવું પૂછનાર મુસ્લિમ યુવતી પ્રત્યે કેવો અભિગમ હતો.

કૃતિ સેનન ઈદ પર સંપૂર્ણ શરીર ઉપરાંત માથું ઢાંકીને પડાવેલા ફૉટા સાથે શુભેચ્છા આપે છે, પરંતુ રક્ષાબંધનની જાહેરખબરમાં પોતાના ભાઈને બ્રાલેટમાં રાખડી બાંધે છે. અને સાથે શ્વાનને પણ. આ બંને તસવીરો એક જ તસવીરમાં મૂકીને લોકો કહે છે કે આ જુઓ, કૃતિ સેનનનાં બેવડાં ધોરણો.


આ બધા પાછળ રહેલો છે નવ માર્ક્સવાદ અથવા કલ્ચરલ માર્ક્સવાદ જેને હું કલ્ચરલ ટેરરિઝમ કહું છું- સાંસ્કૃતિક આતંકવાદ. ખ્રિસ્તીઓ અને હિન્દુઓને તેમનાં મૂળિયાંથી જુદા કરો. તેમને કલ્ચરલ શૉક આપો.

આ કૉલમમાં આપણે જોઈ ગયા છીએ કે પ્રથમ વિશ્વ યધ્ધ પછી જ્યારે ભૂમિ પતિ અને કૃષિ શ્રમિકો વચ્ચે લોહીયાળ સંઘર્ષ ન થયો ત્યારે સોવિયેત સંઘના લિઓન ટ્રૉટસ્કી, ઈટાલીના એન્ટોનિયો ગ્રામસ્કી, હંગેરીના જ્યૉર્જી (જ્યૉર્જ પણ કહેવાય છે) લ્યુકાક્સે આ નવ માર્ક્સવાદ વિકસાવ્યો.

જ્યૉર્જ લ્યુકાક્સ હંગેરીમાં વિદ્રોહ થયા પછી શિક્ષણ અને સંસ્કૃતિ પ્રધાન બની ગયો. તેણે પહેલું કામ કર્યું બાળકોને સંસ્કૃતિથી વિમુખ કરવાનું. એટલે બાળકોમાં સેક્સ શિક્ષણ દાખલ કર્યું. તેના માટે તેણે ગ્રાફિક સેક્સ્યુઅલ સામગ્રી એટલે કે ફૉટા દ્વારા દેખાડવાનું શરૂ કર્યું. આથી હંગેરીમાં તેનો વિરોધ થયો. જ્યૉર્જી લ્યુકાક્સની આ પધ્ધતિનો વિરોધ સોવિયેત સંઘના સામ્યવાદીઓના આકા (વ્લાદિમીર) લેનિન અને ગ્રિગોરી ઝિનોવિએવે પોતે કરેલો. ઝિનોવિએવે જ્યૉર્જી લ્યુકાક્સના કામને જાહેરમાં 'અલ્ટ્રા લેફ્ટિઝમ' કહેલું!

આજે ભારતના વિપક્ષો યોગેન્દ્ર યાદવના સંકેત પર જે કરી રહ્યા છે, અને બાંગ્લાદેશના વિપક્ષો જે અગાઉ કરી ચૂક્યા છે, તે થિયરી જ્યૉર્જી લ્યુકાક્સે આપેલી છે. જ્યૉર્જી લ્યુકાક્સે છેક ઈ. સ. ૧૯૨૦ના દાયકાની શરૂઆતમાં કહેલું કે ક્રાંતિકારીઓએ (એટલે કે સામ્યવાદીઓએ) સંસદ અને કાનૂની પ્રણાલિઓ જેવાં બુર્જુવા (મધ્યમ વર્ગીય) સંસ્થાઓનો અસ્વીકાર કરી દેવો જોઈએ.

આઆપના પૂર્વ નેતા અને 'સલીમ' તરીકે જાણીતા આંદોલનજીવી યોગેન્દ્ર યાદવે કહેલું કે હવે સત્તા સડક પરથી જ ચાલશે. ૨૦ જુલાઈએ જંતરમંતર પર જે પ્રજાતિ ઉમટેલી તે એસએફઆઈ (સ્ટુડન્ટ્સ ફૅડરેશન ઑફ ઈન્ડિયા) અને આઈસા (ઑલ ઈણ્ડિયા સ્ટુડન્ટ્સ એસોસિએશન)ની 'મનુવાદ', 'બ્રાહ્મણવાદ'નો વિરોધ કરીને કાશ્મીરને સ્વતંત્ર કરવાના શેખચલ્લી સપનાં જોતી ડફલી ગેંગ હતી. જંતરમંતર પર હિંસા કરનારા ડાબેરી ગુંડાઓને રોકવા પોલીસે બળપ્રયોગ કર્યો. તેની તપાસ કરવા સર્વોચ્ચ ન્યાયાલયે સમિતિ રચી. તેના સભ્યો સામે કૉકરોચ જનતા પાર્ટીના સૌરવ દાસે પ્રશ્ન ઉઠાવ્યો હતો. અગાઉ ન્યાયમૂર્તિ યશવંત વર્મા તેમના ઘરે લાગેલી આગમાં કરોડો રૂપિયા બળી ગયા. સર્વોચ્ચ ન્યાયાલયની તપાસમાં તેઓ દોષી ઠર્યા તો કપિલ સિબલે તપાસની વૈધતા (કાયદેસરતા) સામે જ પ્રશ્નો ઉઠાવ્યા હતા અને કહ્યું હતું કે તે બંધારણીય



રીતે પ્રાસંગિક નથી. રાહુલ ગાંધી આણિ મંડળી સંસદ ચાલવા નથી દેતી. આ મંડળી તેમને કઠે તેવા પ્રશ્ન કરનારને ગોદી મીડિયા ગણાવી દે છે. આમ, અત્યારે આ લોકો લોકતંત્રના ચારે સ્તંભને કામ કરતાં અટકાવવા તરફ છે.

લોકો જેને એકદમ ઉગ્ર સામ્યવાદીઓ માને છે તેવા લેનિન અને ઝિનોવિએવની દૃષ્ટિએ જો જ્યૉર્જી લ્યુકાક્સ ઉગ્ર સામ્યવાદી હોય તો તો લ્યુકાક્સને ઉગ્ર સામ્યવાદીનો વર્ગ (પ્રૉ મેક્સ) માનવો પડે ને ! સામ્યવાદીઓ માટે પ્લસ પૉઈન્ટ એ રહ્યા કે તેમણે પહેલેથી બાળકો, શિક્ષણ, નાટક-મનોરંજન અને સાહિત્યને પકડી લીધાં, જેનાથી ખ્રિસ્તીઓ અને હિન્દુવાદીઓ બહુ વર્ષો સુધી દૂર રહ્યા અને આજે પણ કદાચ એટલા બધા નજીક તો નથી જ. આજે જો જમણેરી સિનેમાની વાત થતી હોય તો તે લાવનાર વિવેક રંજન અગ્નિહોત્રી તેમનાં કૉલેજનાં વર્ષોમાં ડાબેરી અને નક્સલી રહી ચૂક્યા છે અને એટલે જ આટલી સચોટ રીતે તેમણે 'અર્બન નક્સલી' શબ્દ આપ્યો છે. આ જ રીતે ગાયક અને અભિનેતા પીયૂષ મિશ્ર તેમજ અભિનેતા તેમજ ભાજપના નેતા મિથુન ચક્રવર્તી પણ ભૂતકાળમાં સામ્યવાદી રહી ચૂક્યા છે.

જ્યૉર્જી લ્યુકાક્સ કળા સાથે સંકળાયેલા આવા એક 'સનડે સર્કલ'નો મુખ્ય કર્તાધર્તા હતો. આ સર્કલ રશિયાના લેખક ફ્યોદોર દોસ્તોવસ્કી (જેની રચનાઓ પરથી ઘણી હિન્દી ફિલ્મો બની છે, દા. ત. રાજ કપૂરની 'છલિયા' અને 'ફિર સુબહ હોગી', શેખર કપૂરની 'નઝર', ૧૯૯૨ની શાહરુખ ખાનની અજાણી ફિલ્મ 'ઈડિયટ', સંજય લીલા ભણશાળીની 'સાંવરિયા', અભય દેઓલ-સોહા અલી ખાનની 'આહિસ્તા આહિસ્તા')ની રચનાઓ પરથી સાંસ્કૃતિક કૃતિઓ બનાવવાનું કામ કરતું. સનડે સર્કલ કથિત સાંસ્કૃતિક કાર્યક્રમોને સ્પૉન્સર કરતું. ડાબેરીઓ પૈસા અને એકબીજાને નામ ખૂબ આપે. ઘણા જમણેરીઓ અને મૂડીવાદીઓ એ બાબતે ખૂબ જ લુચ્ચા. પૈસા આપવામાં બહુ ન માને. એકબીજાને પ્રમૉટ કરવામાં પણ ન માને.

ડાબેરીઓ ત્રાસવાદીઓને બચાવવા માનવતાને ઢાલ તરીકે આગળ ધરે અને ફાંસીની સજાનો વિરોધ કરે. પરંતુ જ્યૉર્જી લ્યુકાક્સ જ્યારે હંગેરી સોવિયેત રિપબ્લિકની લાલ સેના (રેડ આર્મી)નો વડો હતો ત્યારે તેણે પોતાના જ આઠ સૈનિકોને દેહાંત દંડની સજા અપાવેલી. હંગેરી સૉવિયેત રિપબ્લિક એટલે હંગેરીનો એવો પ્રદેશ હતો જ્યાં સામ્યવાદીઓ અને સમાજવાદીઓ ભેગા મળીને રાજ કરતા હતા. આ પ્રદેશ ટૂંકા ગાળા પૂરતો જ રહ્યો. રોમાનિયા અને ઝેકોસ્લોવાકિયાએ હંગેરી સૉવિયેત રિપબ્લિકને જીતી લીધું.

આથી લ્યુકાક્સને ઊભી પૂંછડીએ ભાગવું પડ્યું. ઈ. સ. ૧૯૧૯ આસપાસ લ્યુકાક્સ હંગેરીથી ભાગીને વિએના ગયો. ત્યાં તેની ધરપકડ થઈ પરંતુ અહીં બધ્ધિજીવીઓ કવર ફાયર માટે આગળ આવ્યા. લેખકો થોમસ અને હેન્રિચે તેને દેશનિકાલ થતા બચાવી લીધો.

અહીં લ્યુકાક્સની વાત અટકાવીને બીજા એક તેના સમકાલીન નેતાની વાત કરી લઈએ. જ્યારે લ્યુકાક્સ વિએનામાં હતો ત્યારે તેના જેવા જ વિચારવાળો બીજો એક નેતા પણ ત્યાં હતો – એન્ટોનિયો ગ્રામસ્કી. રાહુલ ગાંધીના મોસાળ ઈટાલીનો વતની.

ઈટાલી કમ્યૂનિસ્ટ પાર્ટીનો સ્થાપક અને નેતા. સોવિયેત સંઘના એક ક્રાંતિકારી (જેના નામ પરથી સામ્યવાદની માર્ક્સવાદ, માઓવાદ, જેવી એક શાખા છે- ટ્રૉટસ્કી) લિઓન ટ્રૉટસ્કીએ પોતાના પુસ્તક 'પ્રૉબ્લેમ્સ ઑફ ઍવરીડે લાઈફ'માં કહેલું કે પશ્ચિમ યુરોપમાં મૂડીવાદનાં મૂળિયાં એટલાં જામેલાં છે કે ત્યાંનો સમાજ મધ્યમ વર્ગીય ટેવો અને પરંપરાઓથી ઓતપ્રોત છે. આથી ત્યાં ક્રાંતિકારી પ્રક્રિયા (એટલે કે સામ્યવાદી ક્રાંતિ) કરવી અઘરી પડે છે. હવે સમજ્યા મિત્રો, કે સ્વતંત્રતા પછીથી અને ૨૦૧૪ પછી બમણા વેગથી આ સામ્યવાદી કલાકારો, નાટક કરનારાઓ, સાહિત્યકારો, જાહેરખબર બનાવનારાઓ, પુસ્તક લખનારાઓ, પ્રાધ્યાપકો કેમ ભારતીયોને- વિશેષતઃ બહુમતી વર્ગને પોતાની પરંપરાથી વિમુખ કરવા આદુ ખાઈને મંડી પડ્યા છે? તેનું મૂળ ટ્રૉટસ્કીના પુસ્તકમાં છે.

અને ભારતમાં આ ટ્રૉટસ્કીવાદી એક નેતા છે તેનું નામ છે કેડ્રિક. તેમનાં પાર્ટનર મીના કાંડાસામીએ ડાબેરી વેબસાઈટ 'ધ વાયર'માં આજથી બે વર્ષ પહેલાં લખી દીધેલું, **'The Radical Rahul Gandhi Nobody Expected'** (કટ્ટર રાહુલ ગાંધી જેની કોઈએ કલ્પના પણ નહોતી કરી). આ લેખમાં તેમણે લખેલું કે તેમના પતિ કૉંગ્રેસને બુર્જુઆ પાર્ટી એટલે કે મધ્યમ વર્ગમાં માનતી પાર્ટી માનતા હતા. કેડ્રિકને ખબર પડી કે મીના રાહુલ ગાંધીને મળવા જવાનાં છે, તો તેમણે કહ્યું કે "કોઈ ફાયદો નથી." મીનાએ કહ્યું, "મારા (અર્બન નક્સલો) મિત્રો જેલમાં છે, મારા મિત્રોનાં માતાપિતા જેલમાં છે." અહીં વાત ભીમ-કોરેગાંવ કેસની હતી. મીનાએ આગળ કહ્યું, "અને આપણે બધાં દ્વાર ખટખટાવી જોયાં છે. મને લાગે છે કે આ માણસ (રાહુલ ગાંધી) સહાય કરશે."

ગુજરાતમાંથી જિજ્ઞેશ મેવાણીએ મીના કાંડાસામીની મુલાકાત રાહુલ ગાંધી સાથે ગોઠવી આપી. વિચાર કરો કે જિજ્ઞેશ મેવાણી રાહુલ ગાંધીની કેટલા નજીક હશે. તે મુલાકાત પરથી જ મીનાએ પોતાનો અનુભવ લખ્યો. મીનાએ લખ્યું છે કે રાહુલ ગાંધી જેટલા કટ્ટર સામ્યવાદી નેતા કૉંગ્રેસના ન હોઈ શકે. તે તો સામ્યવાદી પક્ષમાં ટીચાઈને તૈયાર થયા હોય તે જ હોઈ શકે.

મીનાના પતિના આદર્શ એવા ટ્રૉટસ્કીએ વિચાર આપ્યો કે પહેલાં તો પશ્ચિમ યુરોપના લોકોને તેમના મૂળિયાંથી અલગ કરો.

એન્ટોનિયો ગ્રામસ્કીએ પણ આ જ વિચાર સાથે કલ્ચરલ હેગેમનીની થિયરી આપી. તેણે કહ્યું કે આ જે મધ્યમ વર્ગ (બુર્જુઆ) તે હિંસા, આર્થિક બળ કે બળજબરી વગર વિચારધારાનો ઉપયોગ કરીને સંસ્કૃતિ દ્વારા જીત મેળવે છે. ભારત વિશે ચીનના વિદ્વાન હુ શિહે કહ્યું હતું કે ભારતે સૈન્ય દ્વારા નહીં, પરંતુ આધ્યાત્મિક શિક્ષણ અને વિચારોના શાંતિપૂર્ણ આદાનપ્રદાન દ્વારા ચીન પર ૨૦ સદી એટલે કે ૨,૦૦૦ વર્ષ શાસન કર્યું. ૧૯૯૧માં આર્થિક ઉદારીકરણ પછી અમેરિકા સાંસ્કૃતિક રીતે વિશ્વ પર રાજ કરે છે.

ગ્રામસ્કી માર્ક્સ વિચારને જ આગળ વધારવા માટે તેના આર્થિક નિયતિવાદના સિધ્ધાંતથી અલગ પડ્યો. એટલે તેને નિઓ (નવ) માર્ક્સિસ્ટ કહેવાય છે. તેણે લખ્યું હતું કે લોકો પાસે (સામ્યવાદી) ક્રાંતિ કરાવવી હોય તો તેમના મનમાંથી ખ્રિસ્તી વિચારો કાઢી નાખો. આ વિચારો જીવનના દરેક ક્ષેત્રમાં છે. એટલે કે ચર્ચ, સરકાર, ન્યાયાલય, રાજકીય પક્ષો, શાળાઓ અને વિશ્વ વિદ્યાલયો, કૉર્પોરેશનો, કાર્ય સ્થળો, મનોરંજન, મીડિયા, કળા, સાહિત્ય, વિજ્ઞાન, ઈતિહાસ.


પણ આ નવ માર્ક્સવાદ દુનિયાભરમાં ફેલાયો ક્યાંથી? તેના માટે ફરી લ્યુકાક્સની વાત કરવી પડશે. લ્યુકાક્સને વિએનામાંથી પણ દેશનિકાલ કરાયો કારણકે ત્યાં પણ તેનાં લખાણ ઝળકાવ્યા વગર તે નહોતો રહી શક્યો. વિએનાથી તે બર્લિન ગયો. અહીં તેનું નસીબ પાધરું થવાનું હતું અને વિશ્વનું ખરાબ. એટલે તેને જર્મનીની ફ્રૅન્કફર્ટ યુનિ.નો સાથ મળી ગયો. અહીં તેણે માર્ક્સવાદી બુધ્ધિજીવીઓને એકઠા કર્યા. તેણે ઈન્સ્ટિટ્યૂટ ઑફ સૉશિયલ રિસર્ચ નામની સંસ્થા બનાવી જે આગળ જતાં ફ્રૅન્કફર્ટ સ્કૂલ તરીકે જાણીતી બની. જોકે જર્મનીમાં સત્તામાં આવેલા હિટલરે જે પામી લીધું તે અમેરિકાના મૂડીવાદીઓ પામી ન શક્યા. હિટલરે તેના પર પ્રતિબંધ મૂકતાં, તેઓ ત્યાંથી અમેરિકા ગયા અને કૉલંબિયા યુનિ. એ તેમને આશ્રય આપ્યો. ત્યાં રહીને તેઓ અમેરિકાના શિક્ષણમાં આ નવ-માર્ક્સવાદને ઘૂસાડવામાં સફળ રહ્યા. (૨૦૨૪માં ઈઝરાયેલ વિરોધી દેખાવો કૉલંબિયા યુનિવર્સિટીમાં કેમ થયા હતા તે સમજવું હવે અઘરું નથી) તેમણે બનાવેલી ક્રિટિકલ થિયરી વિશ્વમાં ઘણી જગ્યાએ ભણાવાય છે. ગ્રામસ્કીના મહિલાઓ, અપરાધીઓ અને વંશીય તેમજ પંથીય લઘુમતીના નવા સર્વહારા વર્ગ (શ્રમિક વર્ગ)ના દાયરાને જર્મનીના હર્બટ માર્કુઝે વધારી તેમાં સજાતીય સંબંધોવાળા અને ટ્રાન્સસેક્સ્યુઅલ લોકોને પણ જોડી દીધા.

આથી જ, અમેરિકામાં ભલે સામ્યવાદી પક્ષ પર પ્રતિબંધ હોય, પણ ડેમોક્રેટિક પાર્ટી અને અંશતઃ રિપબ્લિકન પાર્ટી, અમેરિકાનું શિક્ષણ તંત્ર, ન્યાયતંત્ર, સીએનએન જેવું મીડિયા અને હૉલિવૂડ ઈત્યાદિ આ ડાબેરીઓના વર્ચસ્વવાળું જ છે. ત્યાંથી શરૂ થઈ બધાં બંધન ફગાવી દોવાળો નકલી મહિલાવાદ (ફેમિનિઝમ), બધી પરંપરા ફગાવી દો, અપરાધીઓને માનવીય દૃષ્ટિએ જુઓ, પોલીસ અને સેનાને અત્યાચારી માનો અને માત્ર ભોગ ભોગવો, સેક્સ ચેન્જ કરી નાખો, બાળકો ન ઉત્પન્ન કરો, પૉર્ન, ડ્રગ્સ ઈત્યાદિવાળી માનસિકતા, જે ભારતમાં જેન ઍક્સ અને ઝીમાં જડ જમાવી ચૂકી છે.

તમે જોયું હશે તો ભારતમાં સ્વતંત્રતા પછીથી સામ્યવાદીઓએ ઉપરોક્ત દરેક ક્ષેત્રમાંથી હિન્દુ વિચારને કાઢવા માટે ખૂબ જ આયોજનપૂર્વક ઝીણવટભર્યું કામ કર્યું છે. સરકાર સિવાયના ઉપરોક્ત દરેક ક્ષેત્રમાં સામ્યવાદી વિચારસરણીવાળા જ બેઠા છે. સરકારમાં-ભાજપમાં મોદી-અમિત શાહ જેવા કેટલા તે પ્રશ્ન છે. પરંતુ મોદી-અમિત શાહ છે ત્યાં સુધી આ સંપૂર્ણ ક્રાંતિ થઈ શકવાની નથી. ૨૦૨૪માં પણ એનડીએનું પુનરાગમન થયું પછીથી, વિશેષતઃ ૨૦૨૫માં દિલ્હીમાં આઆપનો પણ સફાયો થયો, બિહારમાં નીતીશકુમારના બદલે ભાજપની સત્તા આવી ગઈ, મહારાષ્ટ્ર-હરિયાણામાં પણ ભાજપનો વિજય થયો તે પછી આ લોકો બેબાકળા બન્યા છે. પરંતુ આ વિચાર વિકૃતિનો ઉકેલ રાજકીય સત્તાથી આવવાનો નથી, વૈચારિક ક્રાંતિથી જ આવશે. ■ jaywant.pandya@gmail.com

## સત્તા આગળ શાણપણ નકામું તો પત્તા આગળ ?

હાસ્યાય નમઃ



ડો. પ્રકાશ દવે
૯૫૭૪૩૭૪૪૫૩

(૧) સત્તા આગળ શાણપણ નકામું તો પત્તા આગળ?
રક્ષિત વોરા ક્ષિતિજ (ગાંધીનગર)
ડહાપણ.

(૨) કોનો વિશ્વાસ કરવો?
જય દવે (ભાવનગર)
તમારો પોતાનો.

(૩) મારો પુત્ર પાયલોટ બનવા માગે છે. કોઈ સલાહ?
રામભાઈ પટેલ (સુરત)
તમારો પુત્ર ભલે હવામાં ઉડે, તમે ન ઉડવા માંડતા!

(૪) ખાડો ખોદે એ પડે તમને આવો કોઈ અનુભવ ખરો?
દર્શન પટેલ (વડોદરા)
બીજાએ ખોદેલા ખાડામાં ઘણીવાર પડ્યો છું.

(૫) આગે સુખ તો પીછે દુ:ખ હૈ.. તો બીચ મેં ક્યા હૈ?
રમાબેન પટેલ (અમદાવાદ)
ભૂખ.

(૬) ટૂથ બ્રશને ગુજરાતીમાં શું કહેવાય?
ઉન્નતિ મહેતા (રાજકોટ)
દાંત ઘસણિયું.

(૭) તમે આજે બગાસું ખાધું?
નીરવ ડણાંક (અમરેલી)
ના, એકટાણાં કરું છું.

(૮) નવા ફ્લેટનું મોટા પાયે વાસ્તુ કરવાની ઈચ્છા છે. સલાહ આપશો?
ધવલભાઈ પાનવાળા (રાજકોટ)
જરૂર કરો પણ એટલું મોટું વાસ્તુ ન કરવું કે ફ્લેટ વેચવો પડે.

(૯) વાલી - સુગ્રીવની પત્નીઓ કેમ વાનરમુખી નથી ?
કનુભાઈ પરમાર (દામનગર)
તમે વળી ક્યારેય રૂબરૂ જોઈ આવ્યા?!

(૧૦) સાહેબ..! સુરજ ક્યારેય આથમણો કેમ નાં ઉગે?
ધોરાજીયા કેવિન ઘનશ્યામ (સાજણટીંબા હાલ કેનેડા)
કારણ કે એ ક્યારેય ઉગમણે આથમતો નથી.

(૧૧) મોરના ઈંડા ચીતરવા ના પડે તો ચીતરવા કોના પડે?
ધોરાજીયા ઘનશ્યામ એન. (સાજણટીંબા)
જેના ઈંડા ન હોય એના.

(૧૨) સાહેબ..! હાસ્ય અને રમુજ વચ્ચે કોઈ મતભેદ છે ખરો?
ધોરાજીયા ચંદ્રકાંત એન. (સાજણટીંબા)
ખરો.

(૧૩) માણસને એક દિવસ માટે પાંખો મળી જાય તો શું કરે?
શંભુ ખાંટ 'અનિકેત ' (પાટયો અરવલ્લી)
અલગ અલગ ઍંગલથી ફોટા અને સેલ્ફી લઈ ને સ્ટેટ્સ મુકે!

(૧૪) આ ટ્રમ્પને કન્ટ્રોલ કઈ રીતે કરાય ?
રાજુ એન. જોષી (ધરાઈ બાલમુકુંદ)
એની સામે ચૂંટણીમાં ઊભા રહો.

(૧૫) અગ્નિથી તેજ શું છે?
હરેશભાઈ મકનભાઈ કાવઠિયા (નવા ઉજળા)
અફવા. ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

## ગ્રોથ રેટ અને બૌદ્ધિક બદમાશી – આર્થિક અને માનસિક...

રાજકીય રસધાર



પ્રવીણ માધાણી

ગામમાં સમૂહ પ્રસંગનો જમણવાર હતો.બે પરસ્પર વિરોધી જૂથો વચ્ચે માથાકૂટ થઇ ગઈ. એકબીજાના માથા ફોડી નાખ્યા. સામસામી પોલીસ ફરિયાદ થઇ ગઈ. ફોજદાર ગામમાં તપાસ અર્થે આવ્યા. બંને જૂથોની વ્યક્તિઓની પૂછપરછ કરવામાં આવી. એક જુથે બીજા જૂથ પર આક્ષેપ લગાવ્યો કે સામાવાળાઓએ દાળ બનાવવાની જવાબદારી લીધી હતી અને દાળ ખુબ તીખી બનાવી નાખી અમારામાંથી ઘણા બધાને એસીડીટીનો પ્રશ્ન છે, જેથી અમે તીખી દાળ ખાઈ શકીએ નહિ. અમારું જૂથ દાળ ખાઈ ન શકે એ માટે કાવતરું કરીને સામાવાળાઓએ દાળ તીખી કરી નાખી. ફોજદારને આશ્ચર્ય થયું કે માત્ર દાળ તીખી બનાવવાના મુદ્દે લાકડીઓ ઉડી ગઈ ? એણે આરોપકર્તાઓને પૂછ્યું કે લાવો જોઉં, હું પણ ચાખી જોઉં કે દાળ એવી બધી કેવી તીખી બનાવી નાખી છે ? જવાબ મળ્યો કે દાળ તો હજુ બની જ નથી.... પણ અમને ખાતરી છે કે જો સામાવાળા દાળ બનાવશે તો તીખી જ કરી મેલશે..... દાળ બની પણ નથી અને માત્ર ને માત્ર વિરોધ અને બીજા પ્રત્યેની કુંઠા ફરિયાદીને આવું માનવા સુધી દોરી ગઈ.ભારતનો વિપક્ષ આજે ફરિયાદીની ભૂમિકામાં છે કે સરકાર કંઈપણ કરશે એ ખરાબ જ કરશે.

તાજેતરમાં ભારત સરકાર દ્વારા છેલ્લા ત્રિમાસિક વિકાસ દરના આંકડાઓ પ્રસિધ્ધ કરવામાં આવ્યા છે. જે દર ત્રણ માસે જાહેર કરવામાં આવે છે.આ પહેલાના ત્રણ વર્ષના આ જ ત્રિમાસિક આંકડાઓ લગભગ છેલ્લા ત્રિમાસિકની આસપાસ જ રહ્યા હતા, સાતની આસપાસ. મતલબ ભારત લગભગ એકંદર સમાંતર દરથી વિકાસ કરી રહ્યું છે. આ ત્રિમાસિક દરમિયાન ભારતનો જીડીપી ૭.૮% ના દરે વધ્યો છે એવું સરકાર દ્વારા જાહેર કરવામાં આવ્યું છે. વડાપ્રધાન દ્વારા આ બાબતે દેશના નાગરિકોને શુભકામના અને અભિનંદન આપતો એક વિડીયો જાહેર કરવામાં આવ્યો. બબાલ ત્યાંથી શરુ થઈ. વિપક્ષ અને ખાસ કરીને કોંગ્રેસ દ્વારા આ આંકડાઓ સામે વિરોધ નોંધાવવામાં આવ્યો અને આંકડાઓ ખોટા હોવાની દલીલો કરવામાં આવી. આ બધી બાબતમાં એક વિઘ્નસંતોષી ભૂતપૂર્વ નાણા સચિવ સુભાષ ગર્ગ દ્વારા બળતામાં ઘી હોમવામાં આવ્યું. આ મહોદય દ્વારા એક નવો આંકડો પ્રસિધ્ધ કરવામાં આવ્યો કે હકીકતમાં ભારતનો વિકાસદર ૨.૬ ટકા છે, અને જો આમાં પણ ફુગાવો બાદ કરવામાં આવે તો આ વિકાસદર શૂન્યની આસપાસ ગણાય. મતલબ એવો થયો કે ભારતની અર્થવ્યવસ્થા લગભગ કોઈપણ જાતના વિકાસ વિના સ્થિર ઉભી છે. પણ, સેવા અને વસ્તુ વેંચાણ ના આંકડાઓ ગર્ગના મ્હો પર તમાચો મારી રહ્યા છે. બીજા બધા પરિમાણો પર જે વૃદ્ધિ દેખાઈ રહી છે એ બતાવી રહ્યું છે કે આ આંકડો સત્યની તદન નજીક છે. આ મહોદયને નાણા મત્રાલયમાંથી હાંકી કાઢવામાં આવ્યા હતા. આ એજ વ્યક્તિ છે જેણે નોટ્બંધીને ઐતિહાસિક પગલું અને નરેન્દ્ર મોદીને મહાપુરુષ ગણાવ્યા હતા. જો કે એણે તુરત પોતાની આ બૌદ્ધિક અને આંકડાકીય વાહિયાત ઉલ્ટીને ચાટી લીધી હતી અને ફેરવી તોળ્યું હતું. કારણકે સામા છેડે તજજ્ઞ અર્થશાસ્ત્રીઓએ મોરચો માંડીને ગર્ગ મહોદયના આંકડાઓને ભાંગી તોડી નાખ્યા હતા.

આ કોઈ પહેલી વખત નથી કે આવી કોઈ બૌદ્ધિક બદમાશી કરવામાં આવી હોય. કોઈ આંકડાઓ કે હકીકતને તોડીમરોડી રજુ કરવામાં પિશાચી આનંદ અનુભવતો દેશનો એક ખાસ ખૂણાનો બૌદ્ધિક વર્ગ હમેશા આવી બાબત બન્યે મેદાનમાં આવી જાય છે અને પોતાના અલ્પજ્ઞાનનું પ્રદર્શન કરે છે. ગર્ગ જેવા ઘણા અતૃપ્ત આત્માઓ કે જે સરકારના કોઈ વાજબી પગલાથી આહત થયેલા છે, એમણે નક્કી કર્યું છે કે સરકાર ચંદ્ર પર વસાહત સ્થાપવામાં સફળ થઈ જાય તો ત્યાં પણ ભૂકંપ અને સુનામીની આગાહી કરીને સરકારની સિદ્ધિને નકામી ગણાવી દેવી. દેશનો આર્થિક વૃદ્ધિ દર કોઈ સરકાર એકલાની ઉપલબ્ધી નથી હોતો. એ દેશની સમગ્ર જનતાના સામુહિક પુરુષાર્થનું પરિણામ હોય છે. એ આનંદની વાત હોવી જોઈએ કે હાલની વૈશ્વિક ડામાડોળ અને યુધ્ધની સ્થિતિમાં પણ આવડી મોટી જનસંખ્યા ધરાવતા દેશનો વૃદ્ધિદર સતત સારા દરે વધી રહ્યો હોય.

આ આંકડાઓ માની લેવાથી 'ડેડ ઈકોનોમી' જેવા શબ્દપ્રયોગનું શું ? શ્રી મુખે કહેવાયેલ શિવસુત્ર સ્વરૂપ શબ્દને એકસો ચાલીસ કરોડ દેશવાસીઓનો પુરુષાર્થ ખોટો કેમ ઠેરવી શકે ? જે આર્થિક સુનામી આવવાની આગાહી કરવામાં આવી હતી તેનું શું ? ભૂતકાળની કોઈ પેઢીઓએ ન જોઈ હોય એવી આર્થિક તબાહી મચી જવાની જે સંભાવનાઓ અને ધારણાઓ જાહેર મંચ પર વ્યક્ત કરવામાં આવી હતી એ વ્યર્થ કેમ જાય ? દરઅસલ ચોક્કસ વ્યક્તિ દ્વારા ધારી લીધેલ ધારણાઓ, માની લીધેલ માન્યતાઓ, સ્વીકારી લીધેલ સત્યોને સાચા સાબિત કરી રાખવા માટે એક આખી ઈકો સીસ્ટમ કામે લાગેલી છે. સરકારની આલોચના એ વિપક્ષનો ધર્મ છે, પણ એ દ્વેષની કક્ષાએ જતો રહે તો કોઈપણ વાજબી કે સારી બાબતને પણ નેગેટીવ કુતર્ક દ્વારા તોળવામાં આવે છે જેમ હાલના વિકાસદરને જોવામાં આવી રહ્યો છે. કોઈ બાબત માત્ર તર્ક આધારે તોડી નથી શકાતી. એક સ્થિતિ કે આંકડો કે સંજોગ ખોટો ઠેરવવા માટે સામે સાચી સ્થિતિ, આંકડો કે સંજોગ રાખવા પડે છે. અને એ સરખામણીમાં સાચા છે એ પુરાવાઓ સાથે સાબિત કરવું પડે છે. આજે આંગળીના ટેરવે દુનિયા આવી ગઈ છે. કોઈપણ ધારે તો પોતાની પાસે રહેલી ચાર બાય છની સ્કીન પર કોઈપણ સત્ય અસત્યનો પર્દાફાસ કરીને રાખી શકે છે. ચાર કદમ ચાલીને ઢેર થઈ જાય છે એ સત્ય નથી.

ક્વિક નોટ –હું અંકગણિતથી એલ્જીબ્રા, અને એલ્જીબ્રાથી એપ્લાઈડ મેથેમેટિક્સ સુધી પહોચી ગયો છું અને વિવેચકો બેઠાબેઠા મારી અંકગણિતની ભૂલો શોધ્યા કરે છે – અર્નેસ્ટ હેમિંગ્વે

■ production@infiniumpharmachem.com

# હજી કેટલું દૂર...



વીસ વરસ પૂરા નથી થયા એ વાતને, જે દિવસે તમે ખૂદ દેવલને લઈને ભાગ્યા હતા. સાચ્ચુ કે? માએ પોતાની આંખ પિતા પર ઠેરવીઃ ‘આ તો તમારાં લોહીમાં ચાલ્યુ આવે છે. પોતાના વારસો ન રાખે તો કોણ પારકા રાખે ?

‘આ મારૂ લોહી ન હોય ?’

‘આ ઓરીજીનલ પ્રુફ છે. મા તણખાઈ ગયેલીઃ ‘હવે મારી આબરૂના ધજાગરા કરવા છે? શરમ છે કે નહી ?’

પિતા ચુપ થઈ ગયેલા. પોતાને ખોળામા ઢબૂરી દીધેલી. બીજે દિવસે કહેલુ :‘એકવાર ભૂલ થઈ જાય બેટા, તારી ઉમર જ એવી છે. તારો વાંક નથી. જીંદગીની સીડીમા કયુ પગથિયું નબળું નીકળે એ કહી શકાતુ નથી પણ બીજા પગથિયા હોયને? પકડી લેવાના ’

…પણ સંગુ, તુ પગથિયુ એમ કેમ કરતા ચૂકી ગઈ. એ ખબર જ ન રહી. સારૂ થયુ કે હુ પાછળ જ હતો નહિતર તો – વિરેન્દ્ર પૂછતો હતો.

‘હા… ’ એ સ્વગત બબડીઃ ‘ અત્યારે તુ , ત્યારે મા હતી. છુટી તો ક્યા કોઈએ મૂકી જ છે?’

બે ચાર છોકરા અને સાત-આઠ છોકરીઓ ભેગા મળીને ગામને વચ્ચે આવતી નદી ગામના બે ભાગ પાડતી હતી. હાઈસ્કુલ સામે કાંઠે હતી. એક્વાર શ્રાવણીયા સોમવારે બપોરે બાર વાગ્યે એ છૂટેલા. આજે કોઈ નહોતુ. પોતે અને માત્ર રાજુ. એ ઘણીવાર વિચારતી, સપના પણ એવા આવતાઃ ‘પોતે અને રાજુ માત્ર બે જ જણ હોય, એકલુ એકલુ કયાંક ચાલ્યા જવાનુ. તળાવને કાંઠે રાજુની અડોઅડ બેસવાનુ, ઝાડવે ચડવાનુ, રાજુના ખોળામા માથુ રાખીને સૂઈ જવાનુ કે પછી.. રાજુની આગળ બેસીને ઘોડા ઉપર ફરવા જવાનુ. પોતે ક્યારે રાજુના નામનુ પાનેતર ઓઢીને ચોરીમા બેસશે? રાજુ ક્યારે પોતાના કોરા સેંથામા સિંદૂર પૂરશે ? એની ભોળી ભોળી આંખોમા સપના રમવા માંડેલા અને એક એવી જ શ્રાવણની ઘેઘૂર ગોરંભાચ્છાદિત બપોરે.. રાજુએ શુનુ શુ નહોતુ કહયુ પેલા નદીને કાંઠે ઊભા રહીને.. એ મુગ્ધતા તો નદીની પેઠે ક્યાની કયાય ચાલી ગયેલી. નદીની અંદર વહેતા પ્રવાહ જેવુ ચાર દિવસનુ સુખ સપનુ દોડી ગયુ ,પ્રવાહોની વચ્ચે હોડી બનીને એ એને પકડવા દોડી. પણ વ્યર્થ….

સંગીતા પગથિયુ ચૂકી ગઈ. પગ એટલે જ લથડયો.

‘અરે! અરે! અરે! અરે!..હળવે સંગુ , હળવે! ગાડી કયાંય ચાલી જવાની નથી. ખાસ્સો દસ મિનિટનો હોલ્ટ છે !’’

પાછળ જ ઉભેલા પતિ વિરેન્દ્રએ એનુ બાવડુ પકડી લીધું. નહિતર સંગીતા ચોક્કસ નીચે જ પડી જાત. એ વિરેન્દ્રની મદદથી ચડી. પણ બારીમાંથી વાંકા વળીને જોયું તો, એ ચહેરો ગાયબ થઈ ગયો હતો.

‘‘શું જુએ છે ?’’ પાછળ જ ચડેલા વિરેન્દ્રએ પૂછયુ. સંગીતાએ ફરી એક વાર અછડતી નજર બારી બહાર ફેંકી લીધી, પણ તેની આશા ઠગારી નિવડી. એ આડું જોઈ જતા બોલીઃ ‘હુ ચેક કરતી હતી કે ડબો બરાબર જ છે ને?’

‘‘અરે મેડમ!’ વિરેન્દ્રે હસીને કહ્યુ : ‘ડબાની બહાર આપણા હુતાહુતીના નામ પણ લખાયેલા છે. કોઈ શક છે ? તું એવી જ રહી. ગ્રેજ્યુએટ સુધી ભણી તોય!’ પતિએ કોમેન્ટ કરીઃ ‘મગજને કાટ ઉખાડ, થોડું અજવાળું થાય.’

‘હવે એ નહી સુધરે અને હુ પણ!’ પરાણે સ્મિત લાવવુ પડયુ. ‘હાશ’ કહેતો વિરેન્દ્ર સીટ ઉપર બેસી પડયો. એ ઊભી રહી. મન તો કહેતુ હતુ કે એક વખત ગાડીમાંથી નીચે ઉતરી જાઉં. ક્યાં ગયો એ?

આમ, અચાનક આવી રીતે? આવા વેશે એ મળશે? કલ્પના નહોતી કરી. એને જોઈને જ એ આંચકો ખાઈ ગઈ અને એટલે જ પગથિયું ચૂકી ગઈ. ધ્યાન એ તરફ ગયુ ને ભ્રમમાં ને ભ્રમમાં પગ લથડી ગયો.


એના ચહેરા પર પરસેવો વળી ગયો. વિરેન્દ્રએ તેની નોંધ લીધી. ‘આર યુ ઓલરાઈટ?’ એ ઝડપથી બોલી ગયો. ‘તને તો પરસેવો વળી ગયો? આટલી ડિસેમ્બરની ઠંડીમા ય…’’

એની સામે ફરીવાર એ દ્રશ્ય આવી ગયુ :હા, એ રાજુ જ હતો. ચોક્કસ રાજુ ! એની આંખ હુ ન ઓળખી કાઢું? ભલે ચડી ગયેલી દાઢી, લાંબી જટા, હાથમા કમંડળ, દૂર્બળ દેહ, ગાલમાં ખાડા, નિસ્તેજ ચહેરો. પણ એની આંખો.?

એ આંખો ઉપર તો એ ઓળઘોળ થઈ ગયેલી. એ આંખોએ જ કામણ કર્યા હતા ને ? સોળ વરસની બાલી ઉમરે કોણ જાણે કેમ રાજુની આંખોએ પોતાને હરી લીધેલી. અગિયારમાં ઘોરણમા એ આવી. સોળમું ઉતરીને સતરમું બેઠું ત્યાં સુધીમા તો ઘરેઘરે ખબર પડી ગયેલી કે સંગીતા અને રાજુ વચ્ચે તો ઈલુ ઈલુ ચાલે છે. ! તો દિવસે સાંજે એ ઘરે પહોંચી ત્યારે પિતા બન્ને હથેળી ખજવાળતા ઊભા જ હતા. પોતે કઈ સમજે કારવે એ પહેલા તો તમાચાની બોછાર વરસી ગયેલી. મા વચ્ચે પડી. બે-ચાર થપાટ એને ય વાગી પણ એની ત્રાડે પપ્પા સ્ટોપ થઈ ગયેલા.

‘મારી નાખવી છે તો મારી નાખો જુઓ, છરી રસોડામા જ છે. કરી દો બે-ચાર ઘા. એટલે એક વાત પતે.’

મારી આબરૂની ધૂળઘાણી કરી નાખી.

લઘુનવલકથા

યોગેશ પંડયા

ગાડી તો ક્યારની ઉપડી ગઈ હતી. એ ખબર જ ન રહી. વિરેન્દ્રની આંખો બંધ હતી. એની ટેવ હતી. એને બોલવાની ટેવ જ ન હોતી. જીંદગી શુષ્ક તો કદાચ આમ જ થઈ ગઈ હતી. બંને વચ્ચે કાળમીંઢ મૌન અથડાયા કરતુ. કદાચ એકાદ સંતાન હોત તો એ પહાડ જેવડું મૌન આટલું બધું ભીંસેત નહીં, પરંતુ એય ઉપરવાળાને હાથ હતુ ને!

એ કંટાળી ગઈ હતી. જીંદગીથી જ સ્તો! એમાં એક દિવસ વિરેન્દ્ર એ કહ્યું ‘હરિદ્વાર બાજુ જતાં આવીએ. કેમ લાગે છે? બોર થઈ ગયા હોય એમ નથી લાગતું?

પણ નીકળી ત્યારે લાગતું હતું કે માઈન્ડ ફ્રેશ થશે. પણ આમ અચાનક વીતી ગયેલી જીંદગીનો ખોવાઈ ગયેલો સમયનો એક કાંટો આમ સામો મળશે? એ નહોતું વિચાર્યું .ગાડી ઊભી રહી.તેણે જોયું તો વીરેન્દ્ર ઘસઘસાટ ઊંઘી રહ્યો હતો. એ ધીમે ધીમે નીચે ઉતરી ને પાછળ ચાલવા લાગી. આ બાજુ વિરેન્દ્ર અચાનક જાગી ગયોઃ.જોયું તો સંગીતા નહોતી.તેને ફાળ પડીઃઅરે સંગીતા ક્યાં ચાલી ગઈ?.. કોઈ સ્ટેશને ભૂલથી ઉતરી તો નથી ગઈને? કદાચ પાણી પીવા કે એમ ઉતરી હોય અને ટ્રેન ચાલુ થઈ ગઈ હોય..તો?..તો?? તેના કોમળ હૃદય ઉપર થડકો ઉઠ્યો.

આ તરફ ,ઝડપથી એક પછી એક ડબ્બા વટાવતા, સંગીતા એક ડબા પાસે અટકી ગઈ. એ જ મૂર્તિ એ જ –

‘ રાજુ…’ સંગીતા એ ડબામાં ચડી. સાવ ખાલી ડબામાં એ એકલો સાવ બેઠો હતો. તે ભિક્ષુકની નજીક ગઈ અને તેનું બાવડુ પકડીને હચમચાવી : ‘રાજુ….’

‘ નહીં… હું રાજુ નથી.’

‘જુઠું બોલે છે. જૂઠું ’

‘દુનિયા તો જુઠ્ઠી છે.’

‘સાચી વાત એ છે રાજુ. દુનિયા જુઠ્ઠી છે. પણ તું? તું આ ક્યાં રસ્તે ચડી ગયો રાજુ?’

‘આ જ તો બચ્યુ હતું મારી જીંદગીમાં. તું મને છોડીને ચાલી ગઈ પછી આ વેશ પહેર્યા સિવાય શું કરેત? ન જીવી શકત ન મરી શકત…’

‘ પણ તારા માતા-પિતાનો વિચાર કર્યો છે? એ તારૂ મોઢું જોવાય કેવા તડપે છે વર્ષોથી રાજુ! તું ચાલ્યો જા પાછો ચાલ્યો જા. આપણા પ્રેમના સમ છે તને રાજુ…’

રાજુની આંખમાંથી ટપ ટપ કરતા આંસુ ખરી પડયા.

સંગીતા કશું બોલે એ પહેલા વિરેન્દ્ર ‘સંગીતા’ ‘સંગીતા’ બૂમ પાડતો આવી પહોંચ્યો. આંખમાં આવેલી ભીનાશને લૂછતી એ ડબાના આગળના દરવાજેથી ઉતરવા લાગી.

‘સંગીતા’ વિરેન્દ્ર એ વિહવળતાથી પૂછ્યું : તું ક્યાં ચાલી ગઈ હતી?

‘ બસ. એટલી વારમાં તમે મુંઝાઈ ગયા હતા? ’

‘હા સંગીતા તારી વગર તો એક ક્ષણ પણ હું જીવી ન શકું.’ તું છે તો જીવન છે તું નથી તો કશું નથી.’

‘અરે,હું પાણી પીવા ઉતરી હતી અને ડબો ભૂલી ગઈ.તમે ચાલતા થાવ.હું આ બોટલ ભરીનેઆવું છું હોં..!’

‘‘ હા,પણ હવે ડબો ભૂલી ન જતી.અને થોડી ઉતાવળ રાખ.લે હું રાહ જોઉં છું..’’કરતો કરતો હડફડ હડફડ કરતો આગળ વધ્યો.

સંગીતાએ પાછું ફરીને જોઈ લીધું. રાજુ કદાચ વિરેન્દ્રના શબ્દો સાંભળી ગયો હતો. એ નીચે ઉતરી ગયો અને પાછળની દિશામાં ચાલવા લાગ્યો.

સંગીતા એ પાછળ ફરીને જોયું.તો રાજુ ભાંગેલ પગે ચાલ્યો જતો હતો. રાજુની કૃશ પીઠ તે સજળ નેત્રે તાકી રહી.

પરંતુ સંગીતા ઝાઝીવાર એદ્રશ્ય જોઈ ન શકી. વિરેન્દ્ર પાછો ફર્યો હતો .અને સંગીતાનો હાથ પકડીને પૂછતો હતોઃ ‘સંગુ, તું એ ડબામાં ચડી ત્યારે પેલો દાઢી જટાવાળો ભિખારી તને શું કહેતો હતો?’

‘એ રસ્તો ભૂલી ગયો છે વિરેન્દ્ર. ઉલટી ગાડીમાં બેસી ગયો હશે. પૂછતો હતો કે બિહાર તરફની ગાડી ક્યારે મળશે? એને મેં રાહ જોવાનું કહ્યું.’

‘સાચી વાત છે સંગીતા. ભૂલા પડેલા માટે તો રાહ જોવાની રહી.. કે સાચો રસ્તો ક્યારે મળશે!’ કહેતા વિરેન્દ્ર ઉતાવળે પગલે ચાલવા લાગ્યો. એક છેડે વિરેન્દ્ર હતો. બીજે છેડે રાજુ. પોતે બંને વચ્ચે હતી. પોતાને થયું. પોતાને વિરેન્દ્ર સુધી પહોંચતા કેટલો સમય લાગશે? કોને ખબર ?

★★

એ વીરેન્દ્ર ની નજર ચૂકવી ને ફરી પાછું ફરી. તો રાજુ હવે ટપકું બની ગયો હતો.!! ■

# મહેશના રૂમનું ઢાળિયું બારણું ખોલી શાંતુ દાખલ થઈ



## રાખનાં રમકડાં

આમ વાત થતી હતી ત્યાં તો આંસુ લૂંછતાં લૂંછતાં શાંતુ ઊભી થતાં બોલી : ‘હું સાંજનું જમવાનું બનાવવા માટે હવે રસોડામાં જાઉં છું, પેટ છે એટલે ગમે તે… થોડું થોડું ખાવું તો પડશે જ, એમાં કંઈ ચાલે નહીં….’

‘ હ ા , તું જા. તને મન ફાવે તે રસોઈ બનાવજે….’ દામલે કહ્યું.

‘તો સર… હું પણ હવે મારા રૂમમાં ધીમે ધીમે જાઉં, ત્યાં જ આરામ કરીશ….’ મહેશે ઊભાં થતાં માંડ આટલું કહ્યું.

‘હા, તું પણ જા અને ચિંતા કર્યા વગર આરામ કર. જમવાનું તૈયાર થાય એટલે આવી જજે. અરે હા, જો તારે અહીં સુધી ચાલીને આવવું ન હોય તો શાંતુ તને થાળી આપી જશે. ચિંતા ન કરતો….’ દામલે કહ્યું.

‘તો તો ખૂબ સારું, સર! મને ચાલવામાં ખૂબ જ મુશ્કેલી થાય છે..’ મહેશે કહ્યું.

‘સારું તો, તું ચિંતા ન કર, શાંતુને હું કહીશ એટલે તે તને થાળી આપી જશે….’

હવે મહેશ ધીમે ધીમે ઊભો થયો. એક એક ડગલું માંડ માંડ ભરીને તે તેના રૂમ પર પહોંચ્યો. પહોંચતાની સાથે તો તે પલંગ પર સીધો આડો જ પડી ગયો.

લગભગ કલાક જેવો સમય પસાર થઈ ગયો. શાંતુએ હવે બધી જ રસોઈ તૈયાર કરી લીધી. હવે જમવા બેસવાનું હતું એટલે શાંતુ રસોડાની બહાર નીકળી, દામલ પાસે બેઠક રૂમમાં જઈ પહોંચી અને કહ્યું : ‘હવે આપણે જમી લઈએ….’


ધારાવાહી નવલકથા
અમૃત પરમાર

દામલ ઊભો થયો, હાથ-મોં ધોઈ તે રસોડા તરફ ચાલ્યો. શાંતુએ થાળી પીરસી તૈયાર કરી એટલે દામલને યાદ આવતા તે તરત બોલ્યો : ‘મહેશની થાળી તૈયાર કરી તેના રૂમમાં આપવી પડશે. બિચારાની હાલત ખૂબ ખરાબ થઈ છે….’

‘આપણે નિરાંતે જમી લઈએ પછી તેની થાળી તૈયાર કરીને હું જ આપવા જઈશ..’ શાંતુએ કહ્યું એટલે દામલ બોલ્યો : ‘સારું….’

શાંતુ અને દામલને ઘણા દિવસ પછી આજે ઘરની રસોઈ ખાવા મળતાં ખૂબ મજા આવી. દામલે પેટભરીને ખાધું. તેને તો મીઠો ઓડકાર પણ આવ્યો. તો શાંતુને પણ આજે ઘરની રસોઈ ખાવા મળતાં પૂરેપૂરો સંતોષ થયો હતો.

જમી લીધા પછી દામલ ઊભો થયો એટલે શાંતુ બોલી : ‘હવે હું મહેશની થાળી કરી તેના રૂમમાં આપી પછી રસોડાનું બાકી કામ પૂરું કરીશ. બધું કામ પૂરું થતાં હું રૂમમાં આવીશ….’

‘હા, તું તારે નિરાંતે આવજે, હું તો હવે બેડરૂમમાં જ આરામ કરીશ….’ દામલે જવાબ આપ્યો ને પછી ચાલતો થયો.

શાંતુ મહેશ માટે હવે ઝડપથી થાળી તૈયાર કરવા લાગી. થાળી તૈયાર થઈ જતાં તે લઈને મહેશના રૂમ તરફ ચાલી. મહેશના રૂમનું ઢાળિયું બારણું ખોલી શાંતુ દાખલ થઈ. ત્યારે મહેશ તો એમ ને એમ પથારીમાં લાંબો થઈને પડ્યો હતો. ભાભીને જોતાં જ તે બેઠો થવા લાગ્યો એટલે તરત જ શાંતુ બોલી : ‘હવે તું એમ જ બેસી રહે, હું આ ટીપોઈ પર થાળી રાખી પલંગ પાસે આવરણ લઈ આવું છું… એમ જ બેઠા બેઠા તું જમી લેજે….’

‘સાચું કહું ભાભી…, તમને જોતાંની સાથે મારું બધું દુઃખ અને મારા શરીરની અડધી પીડા તો તરત જ ગાયબ થઈ જાય છે. જુઓને… પંદર પંદર દિવસ થવા તમને મેં જોયાં જ નથી, મને તો ક્યાંય ગમતું જ નહોતું પણ શું કરું? આજે મારાં ભાગ્ય ઊઘડી ગયાં… તમને જોઈને….’

‘જો મહેશ, તુ તો છોકરું ગણાય. પરંતુ હવે કંઈ હું નાની એવી છોકરી નથી.

તારા દિલમાં મારા પ્રત્યે ભલે ભરપૂર પ્રેમ હોય, અનન્ય લાગણી હોય તેમાં ના નહીં. પરંતુ હવે તો મારે ખૂબ જ સાવધાની રાખી… ચેતીને ચાલવું પડે, સાથે સાથે તારે પણ ખૂબ જ ધ્યાન રાખવાનું છે. તું મારો છે ને હું તારી છું એવું આ ભીંતને પણ ખબર ન પડવી જોઈએ. અરે, હા, એ તો કહે… તારી હાલત આવી થઈ કેમ? કોઈ આડું-અવળું પગલું તો નથી ભર્યું ને…?.’

‘ના ભાભી ના…, તમારા સમ! વળી તમારા સિવાય મને બીજું કોણ સમજી શકે…? મારા જીવનમાં પહેલાં પણ તમે છો અને છેલ્લે પણ તમે જ માત્ર છો. હવે વાત રહી મારી તબિયતની તો એમાં એવું છે કે, આવું મને કેમ થયું તેની તો મને પણ ખબર નથી. બસ…, ઓચિંતા જ આવું થઈ ગયું છે….’

‘એક વાત કહું તને…?.’

‘કહો ને… દિલ ખોલીને કહો….’ ‘આપણે ભેગાં તો ઘણીવાર થયાં છીએ. બે-અઢી મહિના થઈ ગયા. એ તો તને યાદ જ હશે…’ ■

# યુવાન સંતાનો કમાતા ન હોય તો ઘરની હાલત શું થાય...?




ગુજરાતીઓ આ દુનિયાની એક મહાજાતિ છે. દેશમાં આપણને વેપારી પ્રજા તરીકે ઓળખવામાં આવે છે. હકીકતમાં આપણામાંના સહુ કંઈ વેપારી નથી. પરંતુ આપણી ઓળખ વેપારી પ્રજા તરીકેની એટલે છે કે દેશના અન્ય રાજ્યોની પ્રજાની તુલનામાં આપણી નાણાંકીય સભાનતા અધિક હોય છે. આપણે વેપારી છીએ એમ લોકો કહે છે એનો અર્થ કે આપણે વેપારી તરીકે શ્રેષ્ઠ છીએ. ભારતમાં ગુજરાતીઓથી ઉપરના દરજ્જાના વેપારી તરીકે રાજસ્થાની - મારવાડીઓને માનવામાં આવે છે. અને એનાથીય ઉપર વ્યાપારી કુશળતા માટે સિંધીઓને સ્વીકારવામાં આવે છે. મૂળ વાત તો બજાર સાથે કામ કરવાની કળાની છે. પણ આ કળામાં ગુજરાતીઓ હવે પેઢીઓ બદલાતા થોડાક પાછા પડતા દેખાય છે. જેની અસર બજારો પર જોવા મળે છે.સમાજનો નવી પેઢીનો એક મોટો વર્ગ એવો છે જે પિતા કે દાદાનો, ધંધાનો વારસો લેવા ચાહતો નથી. જો એને દુરાગ્રહથી કદાચ ધરાર ધંધામાં કે ફેક્ટરી પર બેસાડવામાં આવે તો એમાં કંઈ ભલીવાર ન હોય. ગુજરાતમાં બહારથી તો દાખલા દેવા માટે એમ દેખાતું હોય કે ધીરુભાઈ અંબાણીનો વારસો મુકેશ અંબાણીએ સંભાળી લીધો. પરંતુ સાર્વત્રિક રીતે જુઓ તો એવા ઉદાહરણો બહુ ઓછા છે. નવી પેઢી વેપાર કે ઉદ્યોગને બદલે નોકરીમાં વધુ વિશ્વાસ રાખતી થઈ ગઈ છે.ઉપરાંત વેપારીઓએ પણ કિસાનોની જેમ પોતાની ફરિયાદો કરવાનું સતત ચાલુ રાખ્યું છે. વાત કદાચ સાચી પણ હશે પરંતુ એને કારણે એની નવી પેઢીને જ એમ થાય છે કે આમાં હવે કોઈ માલ નથી. કિસાનોની નવી પેઢી તો હવે મહત્ કિસ્સામાં જાતે ખેતી કરતી નથી. આપણા સૌરાષ્ટ્રની પ્રજાએ પંચમહાલ જિલ્લાનું તો કલ્યાણ કરી નાંખ્યું છે. ગોધરાની બજારમાં સૌરાષ્ટ્રમાંથી કમાયેલા મહેનતના રૂપિયાની બોલબાલા છે. ટાવર રોડે જેટલી ગિરદી નથી એટલી તો ગોધરાની બજારોમાં છે. ધન્ય છે સૌરાષ્ટ્રના કિસાનોને કે એમણે આદિવાસીઓને પોતાને આંગણે બોલાવીને એમના જીવન ધોરણને નવી ઊંચાઈ આપી. હકીકતમાં જુઓ તો પિતાની ખેતી કે પિતાના વેપાર-ધંધા ઊભા કરવામાં વર્ષો વીતી ગયા હોય છે અને એવડી મોટી સંપત્તિનું સર્જન કરવાની તાકાત ભાગ્યે જ કોઈ નોકરીમાં હોય છે. પરંતુ નવી પેઢી આ બધો વિચાર કરવાને બદલે પોતાના તરંગો પ્રમાણે આગળ વધે છે, જેને કારણે ક્યારેક કુટુંબમાં મતભેદ પણ થાય છે. ગુજરાતી માતા-પિતાઓએ પોતાના સંતાનોને વધારે પડતા લાડકોડમાં ઉછેર્યા એનું પરિણામ તેઓ ભોગવી રહ્યા છે. અને આવું જ પરિણામ આવે એની કોઈ નવાઈ નથી. એની સામે બહુ ઓછા સાધનો અને ઓછી સગવડમાં ઉછરેલા બાળકો આગળ જતાં બહુ તેજસ્વી થયા હોવાનું જોવા મળે છે. સંખ્યાબંધ નાના પરિવારના સંતાનો આજે બહુ ઊંચામાં ચાલે છે. સમાજ આ બધું જોઈ રહ્યો છે. છતાં સુખી કુટુંબોમાં પોતાના સંતાનોને છાવરવામાં હજુ પણ દરેક માતા અને પિતા બહુ કુશળતાપૂર્વક વકીલાત કરતા જોવા મળે છે. એ એમની કઠણાઈ છે. એનું પરિણામ હજુ પણ વધુ ખરાબ આવવાની શક્યતા છે. પશ્ચિમના જગતમાં આવું નથી. ત્યાં તો થોડું ઘણું ભણીને નોકરી કરવા જવાની બધાને ઉતાવળ હોય છે. જ્યાં જુઓ ત્યાં દરેક વ્યક્તિ ૧૫ વર્ષની વટાવે કે તુરત જ એ કોઈને કોઈ પ્રોડક્ટ હાથમાં લઈને વેચવાની શરૂઆત કરી દે છે. અથવા તો કોઈ ડિપાર્ટમેન્ટલ સ્ટોરમાં નોકરી કરે છે અને કોઈ પેટ્રોલ પંપે નોકરી કરવા લાગે છે. કોઈ સવારે છાપા નાખે છે, તો કોઈ ટ્રાફિક પોલીસમાં ભરતી થઈ જાય છે. પરંતુ કામ તો બધા જ કરે છે. એમ કરતા કરતા જ તેઓ લાખો ડોલરના આસામી બને છે. આપણા દેશમાં એવી પરિસ્થિતિ છે કે એક જણ કમાય અને પાંચ કે સાત જણ ખાય. ધારો કે સંતાનો નાના હોય અને ગૃહિણી ઘરનું બધું કામ સંભાળતી હોય અને ઘરનો મોભી નોકરી કે ધંધો કરતો હોય એ સ્થિતિ શરૂઆતમાં બરાબર છે. પરંતુ સંતાનો પંદર-વીસ વર્ષના થાય પછી પણ આપણા દેશમાં તો એને કમાણી કરવાનો વિચાર આવવાને બહુ વાર લાગે છે. ગ્રેજ્યુએટ થયા પછી પણ ત્રણ-ચાર વર્ષ ભણનારા સંતાનો આપણે ત્યાં છે. એમને ભણવાની કોણ ના પાડે છે? પરંતુ તેમણે એ તો સમજવું જોઈએ કે પરિવાર ઉપર તેઓ બહુ લાંબા સમય માટે બોજ ન બની શકે. સંતાનો જ્યારે ૨૫ વર્ષના થાય ત્યારે માતાપિતાને કાર્યશક્તિ પણ મર્યાદિત થઈ હોય છે. તેમને જિંદગીમાં એક વિશ્રામની જરૂર હોય છે. તેઓએ પોતાના સંતાનોનું ઘડતર કરવાનો એક આખો તબક્કો પૂરો કરેલો હોય છે અને છતાં તેઓ પોતાના પૌત્ર કે પૌત્રીને નવેસરથી તૈયાર કરવા માટેની તૈયારીમાં જ હોય છે. પરંતુ આ સમયે જો જુવાન જોધ દીકરો પોતાની આવડત પ્રમાણેના કામકાજ હાથમાં ન લે તો એ ઘર કદી તરી શકે નહીં. ■

સપ્તરંગ
દિલીપ ભટ્ટાચાર્ય

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# રાજ્યમાં ગણેશોત્સવને લઈને પોલીસ સજ્જ: સંવેદનશીલ વિસ્તારોમાં ચુસ્ત બંદોબસ્ત

અમદાવાદ,તા.૧૨

આગામી ગણેશોત્સવ રાજ્યભરમાં શાંતિપૂર્ણ અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં ઉજવાય તે માટે ગુજરાત પોલીસ તંત્ર સજ્જ બન્યું છે. રાજ્ય પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિકની અધ્યક્ષતામાં યોજાયેલી ઉચ્ચ સ્તરીય વીડિયો કોન્ફરન્સમાં તમામ પોલીસ અધિકારીઓ સાથે સુરક્ષા આયોજનની વિસ્તૃત સમીક્ષા



કરવામાં આવી હતી. ગણેશ સ્થાપનાથી લઈને વિસર્જન સુધી સંવેદનશીલ વિસ્તારોમાં વિશેષ પોલીસ ફોર્સ તૈનાત રહેશે. ભીડ નિયંત્રણ, ટ્રાફિક વ્યવસ્થા, રાઉન્ડ-ધ-ક્લોક પેટ્રોલિંગ તેમજ CCTV અને ડ્રોન કેમેરા દ્વારા સતત નિરીક્ષણ કરવામાં આવશે. સોશિયલ મીડિયા પર અફવા ફેલાવનારાઓ સામે કડક કાર્યવાહીની ચેતવણી અપાઈ છે. કોઈપણ અનિચ્છનીય બનાવને પહોંચી વળવા બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ અને રાયોટ કંટ્રોલ ટુકડીઓ સ્ટેન્ડબાય રખાશે. તહેવાર દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવવા પોલીસે નાગરિકોને સહકાર આપવા અપીલ કરી છે.

# વંદે માતરમ અનાદર વિવાદમાં ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા સામે વિશેષાધિકાર કમિટી કરશે તપાસ

ગાંધીનગર,તા.૧૨

ગુજરાત વિધાનસભા ગૃહની કાર્યવાહી દરમિયાન રાષ્ટ્રીય ગીત વંદે માતરમના ગાન વખતે કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા અધવચ્ચે બેસી જતાં ભારે વિવાદ સર્જાયો છે. આ વર્તનને સત્તાપક્ષ દ્વારા ગૃહની ગરિમા અને રાષ્ટ્રીય પ્રતીકનું અપમાન ગણાવી કડક કાર્યવાહીની માંગ કરાઈ હતી.



અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ વીડિયો ફૂટેજ ચકાસીને જણાવ્યું હતું કે, જનપ્રતિનિધિ પાસેથી બંધારણ તથા સંસદીય મર્યાદાઓનું પાલન કરવાની વિશેષ અપેક્ષા હોય છે. ખેડાવાલાનું આ વર્તન પ્રાથમિક દ્રષ્ટિએ જાણી જોઈને કરાયેલું કૃત્ય જણાય છે. ગૃહમાં ખુલાસો કરવાને બદલે મીડિયા સમક્ષ નિવેદન આપવા બદલ પણ અધ્યક્ષે નારાજગી વ્યક્ત કરી હતી. સમગ્ર મામલાની ગંભીરતાને ધ્યાને રાખી આ પ્રકરણની વિસ્તૃત તપાસ અર્થે વિશેષાધિકાર સમિતિને સોંપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સમિતિના અહેવાલ બાદ આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરાશે.

# ગુજરાત મહાત્મા ગાંધી અને સરદાર પટેલની ભૂમિ, કોંગ્રેસની વિચારધારાનું જન્મસ્થળ : રણદીપ સુરજેવાલા

અમદાવાદ,તા.૧૨

કોંગ્રેસના નવનિયુક્ત ગુજરાત પ્રભારી રણદીપ સિંહ સુરજેવાલાએ જણાવ્યું કે ગુજરાત પાર્ટી માટે પ્રેરણાનો સ્ત્રોત છે. મહાત્મા ગાંધી અને સરદાર પટેલની આ ભૂમિમાંથી જ કોંગ્રેસની વિચારધારાનો જન્મ થયો છે.



તેમણે ઉમેર્યું કે તમામ કાર્યકરો સાથે મળીને રાજ્યમાં વિકાસ, ભાઈચારા અને પ્રગતિના માર્ગને વધુ મજબૂત બનાવી નવા ગુજરાતનું નિર્માણ કરશે. ઉલ્લેખનીય છે કે કોંગ્રેસે તાજેતરમાં સંગઠનાત્મક ફેરફારો કરી સુરજેવાલાને ગુજરાતના પ્રભારી બનાવ્યા છે.

# સુરતના સિરનગર ડિમોલિશનમાં 'ગેરકાયદેસરતા હશે તો છેલ્લી વ્યક્તિ સુધી જવાબદારી નક્કી થશે' : હાઈકોર્ટ

સુરત,તા.૧૨

સુરતના નાસિરનગર વિસ્તારમાં મકાનોના ડિમોલિશન મામલે ગુજરાત હાઈકોર્ટમાં ન્યાયમૂર્તિ નિખિલ એસ. કરિયેલ સમક્ષ સુનાવણી હાથ ધરાઈ હતી. અરજદારોએ વૈકલ્પિક રહેઠાણો જર્જરિત હોવાના અને તપાસ સમિતિની નિષ્પક્ષતા સામે સવાલો ઉઠાવ્યા હતા, જ્યારે મનપાએ





આ આક્ષેપો નકારી જવાબ રજૂ કરવા તૈયારી દર્શાવી હતી. કોર્ટે સિનિયર અધિકારીઓની હાજરી વચ્ચે નિષ્પક્ષ તપાસ અંગે ચિંતા વ્યક્ત કરતાં સ્પષ્ટ ટકોર કરી હતી કે જો કોઈ ગેરકાયદેસર કાર્યવાહી થઈ હોય તો છેલ્લી વ્યક્તિ સુધી જવાબદારી નક્કી થવી જોઈએ અને અસરગ્રસ્તોને યોગ્ય રાહત મળવી જોઈએ. તપાસ અહેવાલ માટે સરકારે સમય માંગતાં કોર્ટે એડવોકેટ જનરલની ગેરહાજરી અંગે નારાજગી દર્શાવી હતી. આ ચર્ચાસસ્પદ મામલાની વધુ સુનાવણી ૨૯ સપ્ટેમ્બરના રોજ નિયત કરવામાં આવી છે.

# અંબાજી ભાદરવી પૂનમના મેળાને લઈ દર્શનના સમયમાં વધારો કરાયો

અંબાજી,તા.૧૨

શક્તિપીઠ અંબાજી ખાતે આગામી ૨૦થી ૨૬ સપ્ટેમ્બર દરમિયાન યોજાનારા ભાદરવી પૂનમના મેળામાં લાખો શ્રધ્ધાળુઓની ભીડને



ધ્યાને રાખી દર્શનના સમયમાં વધારો કરાયો છે.

સવારની આરતી ૭.૩૦ના બદલે ૬.૦૦ વાગ્યે થશે, જ્યારે રાત્રે મંદિર ૧૨.૦૦ વાગ્યા સુધી દર્શનાર્થીઓ માટે ખુલ્લું રહેશે. ભીડ નિયંત્રણ અને યાત્રિકોની સુગમતા માટે મેળાના સાતેય દિવસ દરમિયાન ચાચરચોકમાં હોમ-હવન અને અન્નકૂટ સેવાઓ સ્થગિત રાખવાનો મંદિર ટ્રસ્ટ દ્વારા નિર્ણય લેવાયો છે.

# બાબરાના ખંભાળામાં SMC ની રેઈડમાં વોટર સંપમાંથી રૂ.૮.૪૪ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

**અલગ-અલગ બ્રાન્ડની વિદેશી દારૂની ૩,૦૧૩ બોટલો મળી આવી**

બાબરા,તા.૧૨

અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના ખંભાળા ગામે સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) ગાંધીનગર દ્વારા દારૂની ગેરકાયદે હેરાફેરી સામે મોટી કાર્યવાહી કરવામાં આવી છે. SMC ટીમને મળેલ ચોક્કસ બાતમીના આધારે ખંભાળા ગામના વીડી વિસ્તારમાં આવેલા 'સૌની યોજના'ના વોટર સંપ બિલ્ડિંગ ખાતે દરોડો પાડવામાં આવ્યો હતો. વોટર સંપના અંડરગ્રાઉન્ડ ખાનામાંથી તથા ઈનોવા કારમાંથી અલગ-અલગ બ્રાન્ડની વિદેશી દારૂની ૩,૦૧૩ બોટલો (કિંમત રૂ.૮,૪૪,૫૦૭) મળી આવી હતી. આ ઉપરાંત, હેરાફેરીમાં વપરાયેલી ઈનોવા કાર, સ્કોર્પિયો કાર, હોન્ડા સાઈન મોટરસાયકલ, રોકડ રકમ, મોબાઈલ અને સીસીટીવી ડીવીઆર સહિત કુલ રૂ.૧૯,૫૧,૧૦૭નો મુદ્દામાલ જપ્ત કરાયો છે. સ્થળ પરથી રવિરાજ જગુભાઈ ખાચર અને રઘુવીર જયલુભાઈ ખાચર નામના બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે લાલાભાઈ હાજાભાઈ ગરાણીયા રેઈડ દરમિયાન અંધારાનો લાભ લઈ નાસી છૂટ્યો હતો. દારૂનો જથ્થો મોકલનાર તેરૈયા અને દેસુરભાઈ ગઢવી સામે પણ બાબરા પોલીસ મથકે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરાઈ છે.

# રાજ્યના ૭૨ તાલુકામાં મેઘમહેર : આજે નવસારી-વલસાડમાં રેડ એલર્ટ

અમદાવાદ,તા.૧૨

ગુજરાતમાં આજે સવારે છથી સાંજના છ વાગ્યા સુધીમાં ૭૨ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં પંચમહાલના મોરવાહડફમાં સૌથી વધુ બે ઈંચ અને ડાંગના સુબિરમાં પોણા બે ઈંચ વરસાદ વરસ્યો છે. રાજ્યના ૩૪ તાલુકામાં અડધા ઈંચથી વધુ વરસાદ થવાની સાથે સાંજના સમયે અમદાવાદ અને વડોદરા શહેરમાં પણ વરસાદી




માહોલ જામ્યો છે. આ તરફ ગીર સોમનાથના ઉના, કોઠારી અને ગીર ગઢડાના સનવાવમાં ધોધમાર વરસાદથી ખેડૂતોમાં આનંદ વ્યાપ્યો છે.હવામાન વિભાગની આગાહી મુજબ, ૧૨ થી ૧૫ સપ્ટેમ્બર દરમિયાન રાજ્યમાં વરસાદી માહોલ વધુ સક્રિય બનશે. આજે નવસારી, વલસાડ અને ડાંગમાં ઓરેન્જ એલર્ટ જ્યારે સુરત અને વડોદરા સહિત ૭ જિલ્લામાં યલો એલર્ટ જાહેર કરાયું છે. આ ઉપરાંત, ૧૩મી સપ્ટેમ્બરે નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં ભારે વરસાદનું 'રેડ એલર્ટ' આપવામાં આવ્યું છે.

# અમદાવાદમાં સરકારી આવાસના નામે ૬૫ લોકો સાથે રૂ.૮.૬૩ લાખની છેતરપિંડી

અમદાવાદ,તા.૧૨

અમદાવાદમાં સરકારી આવાસ યોજના હેઠળ મકાન અપાવવાની લાલચ આપી ૬૫ ગરીબ નાગરિકો પાસેથી રૂ.૮.૬૩ લાખ પડાવી લેવાનો કિસ્સો સામે આવ્યો છે.







આરોપી પંકજ પ્રજાપતિએ ગુડા (GUDA) અને એએમસી (AMC)ના મકાનોના નામે રકમ ઉઘરાવીને બોગસ પાવતીઓ આપી હતી.

મકાન ન મળતાં પીડિતોએ AMCમાં RTI કરતાં આ પાવતીઓ બનાવટી હોવાનું ખુલ્લું પડ્યું હતું. આ મામલે માધુપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં ગાય સાથે કુકર્મ આચરનાર પ્રૌઢની ધરપકડ




રાજકોટ,તા.૧૨

રાજકોટના મોટી પાનેલી ગામે અબોલ ગાયને વેરાન જગ્યાએ લઈ જઈ અકુદરતી કૃત્ય આચરનારા કનુભાઈ ગોંડલીયા નામના પ્રૌઢનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. ગાયના માલિકની ફરિયાદના આધારે ભાયાવદર પોલીસે ગણતરીના કલાકોમાં આરોપીની ધરપકડ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ભાવનગર ચકચારી નકલી દારૂકાંડમાં વધુ એકનું મોત

ભાવનગર, તા.૧૨

ભાવનગરમાં સર્જાયેલા ચકચારી નકલી દારૂકાંડમાં સારવાર હેઠળ રહેલા વધુ એક રિક્ષાચાલકનું મોત થતાં કુલ મૃત્યુઆંક ૧૪ થયો છે. આ કાંડમાં અત્યાર સુધીમાં ૬૨ લોકો અસરગ્રસ્ત થયા છે.







પોલીસે ૪૦ આરોપીઓની ધરપકડ કરી જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલ્યા છે. સંડોવણી બહાર આવતાં ૨ પીઆઈ સહિત ૫ પોલીસ કર્મચારીઓને સસ્પેન્ડ કરાયા છે અને એક કર્મચારીની ધરપકડ પણ થઈ છે. SMC દ્વારા તપાસના ૨૪મા દિવસે પણ અન્ય આરોપીઓની ધરપકડ ન થતાં તપાસની ગતિ સામે સવાલો ઉઠ્યા છે.







